અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ જૂન ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૧ | અંક : ૩૦૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મોદી-શાહ પર ગેરમાર્ગે દોરવાના આક્ષેપ સાથે રાહુલની તપાસની માંગ

## સરકારે શેરમાર્કેટ અંગે લોકોમાં ભ્રમ ફેલાવ્યો : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

### રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલ અને પરિણામોના દિવસે શેરબજારમાં મોટી ઉથલપાથલ મામલે તપાસની માંગ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલ અને પરિણામોના દિવસે શેરબજારમાં મોટી ઉથલપાથલ મામલે તપાસની માંગ કરી છે. આજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ શેરબજારમાં મોટુ કૌભાંડ થયુ હોવાની આશંકા દર્શાવતાં તપાસની માગ કરી છે. રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને શેરમાર્કેટમાં રોકાણ કરવા કેમ કહ્યું હતું. એક્ઝિટ પોલના પગલે ૩ જૂને શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો, બાદમાં ૪ જૂને મોટો કડાકો નોંધાતાં લોકોના ૩૦ લાખ કરોડથી વધુ ધોવાઈ ગયા હતા. આ મામલે રાહુલ ગાંધીએ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી દ્વારા તપાસ હાથ ધરવા માંગ કરી છે. વધુમાં રાહુલ ગાંધીએ એક્ઝિટ



પોલ એજન્સીઓની એનડીએ સરકાર સાથે મિલીભગત હોવાનો દાવો પણ કર્યો હતો.

ભાજપ અને એક્ઝિટ પોલ એજન્સી વચ્ચે કનેક્શન હોવાનો આક્ષેપ મૂક્યો હતો. રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો છે કે, સરકારે શેરમાર્કેટ અંગે લોકોમાં ભ્રમ ફેલાવ્યો છે. ભાજપના બે દિગ્ગજો અમિત શાહ અને નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી દરમિયાન લોકોને શેરબજારમાં રોકાણ કરવા સલાહ આપી હતી. જેમાં મોદીએ કહ્યું હતું કે, સૌ કોઈ શેરબજારમાં રોકાણ કરી લે, ૪ જૂન બાદ શેરબજાર તેજીથી દોડશે, જેને ઓપરેટર્સ પણ હેન્ડલ કરી શકશે નહીં. ૩ જૂને શેરબજારમાં આકર્ષક ઉછાળો નોંધાવી ૪ જૂને કડડભૂસ થયુ હતું. જેમાં રોકાણકારોએ ૩૧ લાખ કરોડથી વધુ મૂડી ગુમાવી હતી. શેરબજારના કડાકામાં સૌથી વધુ નુકસાન રિટેલ રોકાણકારોને થયુ છે. જેની તપાસ થવી જરૂરી છે. જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી આ મામલે તપાસ કરી લોકો સમક્ષ તથ્ય રજૂ કરે તેવી માંગ કરી છે. ઉલ્લેખનીય છે, એક્ઝિટ પોલમાં એનડીએ સરકારને ૩૫૦થી ૪૦૦ બેઠકો મળવાનો અનુમાન જાહેર થતાં સોમવારે બજારમાં મોટો ઉછાળો આવ્યો હતો. સેન્સેક્સ ૨૫૦૭ પોઈન્ટ ઉછળ્યો હતો. સાથે રોકાણકારોની મૂડી પણ રૂ. ૧૩.૭૩ લાખ કરોડ વધી હતી.

### શપથ ગ્રહણ સમારંભ સાંજે ૭.૧૫ કલાકે આયોજીત થશે

## નરેન્દ્ર મોદીની આગેવાનીમાં નવી સરકાર ૯ જૂને શપથ લેશે

### આને લઈને રુપરેખા તૈયાર કરી લીધી છે : આ અગાઉ ૭ જૂને એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬।

ભાજપની આગેવાનીવાળી એનડીએ સતત ત્રીજી વાર સ્પષ્ટ બહુમત પ્રાપ્ત કરી લીધો છે. એકલા ભાજપને ૨૪૦ સીટો મળી હતી, જ્યારે એનડીએના ખાતામાં ૨૯૨ સીટો આવી છે. લોકસભા ચૂંટણી પરિણામની જાહેરાત બાદથી સૌની નજર સરકાર ગઠન પર ટકેલી છે. હવે શપથગ્રહણનું આખું શિડ્યૂલ સામે આવી ગયું છે. નરેન્દ્ર મોદીની આગેવાનીમાં નવી સરકાર ૯ જૂને શપથ લેશે. સૂત્રો દ્વારા વિગતો મળે છે કે મોદી ૩.૦ના શપથ ગ્રહણ કાર્યક્રમનું શિડ્યૂલ સામે આવી ગયું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની નવી સરકાર ૯ જૂને ૭.૧૫ મિનિટ પર શપથ લેશે. સૂત્ર જણાવે છે કે, તેની રુપરેખા તૈયાર કરી લીધી છે. આ અગાઉ ૭ જૂને એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે. આપને જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ સામે આવ્યા બાદ ૫ જૂને મોડી સાંજે એનડીએની બેઠક થઈ હતી. તેમાં પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપી સુપ્રીમો ચંદ્રબાબૂ નાયડૂ, ચિરાગ પાસવાન સહિત અન્ય નેતાઓ સામેલ થયા હતા. તમામે નરેન્દ્ર મોદીને સર્વસમ્મતિથી પોતાના નેતા ચૂંટી લીધા હતા. ૪ જૂન ૨૦૨૪ના લોકસભા ચૂંટણીના પરિણામ સામે આવ્યા બાદ કેન્દ્રમાં કોની સરકાર બનશે એ પણ નક્કી થઈ ગયું છે. જનતાએ એનડીએને સ્પષ્ટ બહુમત આપ્યો છે. ભાજપની આગેવાનીવાળી એનડીએ સતત ત્રીજી વાર સરકાર બનાવવા જઈ રહી છે. હવે શપથ ગ્રહણ સમારંભનો દિવસ અને સમય પણ નક્કી થઈ ગયો છે. આપને જણાવી દઈએ કે, ચૂંટણી પરિણામ સામે આવ્યા બાદ ૫ જૂને એનડીએના ઘટક દળોની બેઠક થઈ હતી. જેમાં નરેન્દ્ર મોદીને પોતાના નેતા સર્વસંમ્મતિથી ચૂંટવામાં આવ્યા છે.

### ચાર મહત્વના મંત્રાલય તો પોતાની પાસે રાખશે ભાજપ!

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂરી થઈ અને ૪ જૂનના રોજ તેના પરિણામ પણ આવી ગયા. આ વખતના પરિણામો ભાજપ માટે આશ્ચર્યજનક રહ્યા કારણ કે ૨૦૧૪ અને ૨૦૧૯માં પોતાના દમ પર સત્તા બનાવનાર ભાજપને આ વખતે ૨૪૦ સીટ જ મળી અને સાથી પક્ષોના સહારે સરકાર બનાવવાનો વારો આવ્યો છે. એટલે કે બહુમત એનડીએને મળ્યું છે, ભાજપને નહીં. ભાજપ બહુમતથી ૩૨ સીટ દૂર રહી ગયું. જો કે એનડીએ ૨૯૨ સીટ મેળવીને સરકાર બનાવવાની સ્થિતિમાં આવી ગયું છે. પીએમ મોદીના નેતૃત્વમાં એનડીએ શુક્રવારે ૭ જૂનના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળીને સરકાર બનાવવા માટે ઔપચારિક દાવો રજૂ કરશે. તે પહેલા ભાજપ સંસદીય દળ અને એનડીએના તમામ સાંસદોની એક બેઠક થશે. હવે આ સરકારમાં જોવાનું એ રહેશે કે કોણ શું મેળવશે. એનડીએના બે પ્રમુખ ઘટક પક્ષો નીતિશકુમારની જેડીયુ અને એન ચંદ્રાબાબુ નાયડુની ટીડીપીએ સમર્થન બદલ કેટલીક શરતો મૂકી હોવાનું સામે આવ્યું છે. નીતિશકુમારની પાર્ટીએ રેલવે મંત્રાલય, નાણા મંત્રાલય, કૃષિ મંત્રાલય માંગ્યા હોવાની વાત સામે આવી છે. જ્યારે ટીડીપી લોકસભા સ્પીકર સાથે ૨ કેબિનેટ મંત્રાલયની માંગણી કરે છે. આ ઉપરાંત અન્ય માંગણીઓ સામેલ છે. નરેન્દ્ર મોદીએ રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપના ચીફ જેપી નડ્ડાને એનડીએના સહયોગીઓ સાથે વાત કરીને સરકાર બનાવવા માટે અંતિમ સ્વરૂપ આપવાની જવાબદારી સોંપેલી છે. રિપોર્ટ્સ મુજબ પીએમ નરેન્દ્ર મોદીની શપથવિધિ પહેલા ૮ તારીખે થાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ હતી પરંતુ હવે શપથ વિધિ ૯ જૂને થઈ શકે છે. શપથગ્રહણ માટે પાડોશી દેશોને પણ આમંત્રણ અપાયું છે.

### મોદી 3.0 સરકારમાં શિવરાજ સિંહ ગૃહમંત્રી બની શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વિદિશામાં બમ્પર જીત બાદ શિવરાજ સિંહ ચૌહાણ દિલ્હી જશે તે નક્કી થઈ ગયું છે. ૯ જૂને તેઓ નવી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લેતા જોવા મળશે. શિવરાજ સિંહ ચૌહાણ માત્ર ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ મધ્ય પ્રદેશની ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. દિલ્હી ચૂંટણી પ્રચારમાં પણ તેમનો સ્ટ્રાઈક રેટ સારો હતો. જંગી જીત બાદ શિવરાજને ઈનામ તરીકે કેન્દ્ર સરકારમાં મોટી ભૂમિકા મળી શકે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ખુદ પીએમ વડાપ્રધાન મોદીએ આની જાહેરાત કરી હતી. તેમની નરેન્દ્ર મોદી સરકારની કોર ટીમમાં હોવાની શક્યતા વધી ગઈ છે. એવી ચર્ચા છે કે અમિત શાહ હવે ભાજપની કમાન સંભાળશે અને શિવરાજ સિંહ ચૌહાણને ગૃહ મંત્રાલય સોંપવામાં આવી શકે છે. રાજનાથ સિંહ પણ ગૃહ મંત્રાલયના બીજા દાવેદાર છે. મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદથી સતત ૧૮ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા શિવરાજ સિંહ ચૌહાણ કેન્દ્રમાં જવાની અટકળો ચાલી રહી હતી.

### સરકાર બને તે પહેલાં ભાજપની મુશ્કેલી વધી

## ચંદ્રબાબુ નાયડુની પાર્ટી ટીડીપીએ ૬ મોટા મંત્રાલયોની માંગણી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામોમાં, TDP અને JDU બંને પક્ષો કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે. આવી સ્થિતિમાં તેમના તરફથી મુખ્ય મંત્રાલયો પર દાવા કરવામાં આવી રહ્યા છે. લોકસભા ચૂંટણીના પરિણામો પછી, NDAમાં ચંદ્રબાબુ નાયડુની TDP અને નીતીશ કુમારની JDUનું મહત્વ ઘણું વધી ગયું છે. આ જ કારણ છે કે હવે બંને પક્ષો તરફથી મુખ્ય મંત્રાલયોની માંગણી કરવામાં આવી રહી છે. ટીડીપીના સૂત્રોએ જણાવ્યું છે કે પાર્ટીએ એનડીએ સમક્ષ છ મોટા મંત્રાલયોની માંગણી કરી છે. ટીડીપી પણ લોકસભા અધ્યક્ષ પદ ઈચ્છે છે. પાર્ટીના સૂત્રોએ કહ્યું છે કે દરેક બાબત પર ટીડીપીનું વલણ લવચીક છે. TDPના વડા ચંદ્રબાબુ નાયડુ બુધવારે (૫ જૂન) દિલ્હીમાં NDAની બેઠકમાં સામેલ થયા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાજુમાં બેઠેલા તેમની તસવીરો પણ સામે આવી હતી. નીતિશ કુમાર પણ નાયડુની બાજુમાં બેઠા હતા. ટીડીપી હાલમાં એનડીએમાં બીજી સૌથી મોટી પાર્ટી છે. તેણે ૧૬ બેઠકો જીતી છે. આ પછી ત્રીજા નંબરે ત્નદ્ધે આવે છે, જેના ૧૨ સાંસદો છે. એનડીએની સૌથી મોટી પાર્ટી ભાજપ છે, જેણે ૨૪૦ સીટો જીતી છે. મળતા અહેવાલ મુજબ, પાર્ટીના ટોચના સૂત્રોએ જણાવ્યું કે નાયડુએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ મોદી ૩.૦ સરકારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે. એવું કહેવામાં આવ્યું છે કે



તેમણે ભાજપ નેતૃત્વને તેમની માંગણીઓની યાદી આપી છે. જેમાં લોકસભા અધ્યક્ષનું પદ અને ઓછામાં ઓછા પાંચ વિભાગોનો સમાવેશ થાય છે, જેની તેમણે માંગણી કરી છે. ટીડીપીએ નાણા મંત્રાલય, જલ શક્તિ મંત્રાલય જેવા વિભાગોને પણ પોતાના ભાગ તરીકે લેવાની માંગ કરી છે. વાસ્તવમાં, ટીડીપી સ્પીકરનું પદ ઈચ્છે છે કારણ કે તે લોકસભામાં સૌથી શક્તિશાળી પદ ધરાવે છે. એટલું જ નહીં પરંતુ ત્રિશંકુ સંસદની સ્થિતિમાં સ્પીકર મહત્વની ભૂમિકા ભજવશે. પાર્ટીના દિવંગત નેતા જીએમસી બાલયોગીએ ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી અટલ બિહારી વાજપેયી સરકારમાં સ્પીકર તરીકે પણ સેવા આપી હતી. ટીડીપીના એક સાંસદે કહ્યું કે પાર્ટી ગ્રામીણ વિકાસ, આવાસ અને શહેરી બાબતો, બંદરો અને શિપિંગ, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે અને જલ શક્તિ મંત્રાલયો ઈચ્છે છે.

## સેન્સેક્સ વધુ ૬૯૨.૨૭ પોઈન્ટ ઉછળી ૭૫૦૭૪.૫૧ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

લોકસભા ચૂંટણીના બિનઅપેક્ષિત પરિણામોના પગલે શેરબજારમાં એક દિવસમાં નોંધાયેલ ધોવાણ રિકવર થઈ રહ્યું છે. ૪ જૂને સેન્સેક્સમાં ૪૩૮૯ પોઈન્ટના કડાકા બાદ છેલ્લા બે દિવસમાં સેન્સેક્સ ૨૯૯૫.૪૬ પોઈન્ટ સુધર્યો છે. રોકાણકારોની મૂડી પણ રૂ. ૨૧.૧૨ લાખ કરોડ વધી છે. આજે સેન્સેક્સ વધુ ૬૯૨.૨૭ પોઈન્ટ ઉછળી ૭૫૦૭૪.૫૧ પર બંધ આપવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૨૦૧.૦૫ પોઈન્ટ ઉછાળા સાથે ૨૨૮૨૧.૪૦ પર બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડે નિફ્ટી ૨૩૦૦૦ની સપાટીથી થોડો જ દૂર રહ્યો હતો. બીએસઈ માર્કેટ કેપ આજે વધુ ૭.૮૯ લાખ કરોડ વધી રૂ. ૪૧૫.૯૬ લાખ કરોડ થયુ હતું. બીએસઈ ખાતે આજે ૩૯૮ શેર્સમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૩૧ શેર્સ વર્ષની ટોચે પહોંચ્યા હતા. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૩૯૪૫ સ્ક્રિપ્સમાંથી ૩૦૧૦માં સુધારો અને ૮૩૩માં ઘટાડો નોંધાયો હતો. ગત મંગળવારના કડાકામાં ઘણાં શેરો ૨૫થી ૩૦ ટકા સુધી તૂટ્યા હતા.

### ચૂંટણી પરિણામ પછી એકનાથ શિંદેના તેવર પણ બદલાયા

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત બાદ મહારાષ્ટ્રમાં ભાજપ સાથે સરકાર બનાવનાર મુખ્યમંત્રી એકનાથ શિંદેના તેવર પણ બદલાઈ ગયા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદે મોદી ૩.૦ કેબિનેટમાં બે મંત્રી પદ માગ્યા છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના (શિંદે જૂથ)એ પહેલી ચૂંટણીમાં જ સાત બેઠક જીતી છે. નોંધનીય છે કે, એકનાથ શિંદેએ જીતેલા સાંસદોની બેઠક બોલાવી હતી અને આ તમામ સાંસદોનું સન્માન કર્યું હતું. શુક્રવારે (સાતમી જૂન) દિલ્હીમાં એનડીએના પક્ષોની બેઠક છે. એકનાથ શિંદે આ બેઠકમાં હાજરી આપશે.

## બીજેપી સાંસદ કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર લાફો મારવામાં આવ્યો

। (એજન્સી) ચંદીગઢ, તા.૬ ।

ચંદીગઢ એરપોર્ટ પર બીજેપી સાંસદ અને અભિનેત્રી કંગના રનૌત સાથે ખરાબ વર્તન કરવાનો મામલો સામે આવ્યો છે. સાંસદે કરેલી ફરીયાદમાં એ વાત સામે આવી છે કે તે ચંદીગઢ એરપોર્ટ પર પહોંચી હતી. તેણે ફલાઈટથી દિલ્હી આવવાનું હતું. સિક્યોરિટી ચેક ઈન પછીથી તે જ્યારે બોર્ડિંગ પાસ માટે જઈ રહી હતી, તે દરમિયાન એલસીટી કુલવિંદર કૌરે(સીઆઈએસએફ યુનિટ ચંદીગઢ એરપોર્ટ) તેમને થપ્પડ મારી હતી. તે પછીથી કંગના રનૌતની સાથે યાત્રા કરી રહેલા શખ્સ મયંક મધુરે, કુલવિંદર કૌરને થપ્પડ મારવાની કોશિશ કરી હતી. આરોપી સીઆઈએસએફ કર્મચારીની ધરપકડ કરી લેવામાં આવી છે. ચંદીગઢ એરપોર્ટ પર બીજેપી સાંસદ અને અભિનેત્રી કંગના રનૌત સાથે ખરાબ વર્તન કરવાનો મામલો સામે આવ્યો છે. સાંસદે કરેલી ફરીયાદમાં એ વાત સામે આવી છે કે તે ચંદીગઢ એરપોર્ટ પર પહોંચી હતી.



## પશુપાલકો માટે ભેંસના દૂધમાં કિલોફેટે ૨૦ રૂપિયાનો વધારો કરાયો

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત અને તાપી જિલ્લામાં ૨.૫ લાખ જેટલા પશુપાલકો વ્યવસાય કરે છે. સુમુલ ડેરી સાથે જોડાયેલા પશુપાલકો માટે ખૂબ મોટા સમાચાર આવ્યા છે. પશુપાલકો માટે દૂધમાં કિલોફેટે ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અઢી લાખ પશુપાલક માટે આ સમાચાર તેમના મોઢા પર ખુશી લાવી શકે છે. સુમુલ ડેરી સાથે જોડાયેલા પશુપાલકો માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. પશુપાલકો માટે ભેંસના દૂધમાં કિલોફેટે ૨૦ રૂપિયાનો વધારો કરાયો છે. જ્યારે ગાયના દૂધમાં કિલોફેટે ૧૫ રૂપિયાનો વધારો કરાયો છે. આ સાથે જ ભેંસના દૂધના કિલોફેટે ભાવ ૮૩૦ રૂપિયા હતા, જે વધારા સાથે ૮૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

## વિશ્વામિત્રી રેલવે ઓવરબ્રિજ ૬ થી ૧૬ જૂન સુધી બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

એલ એન્ડ ટી કંપની તરફથી વડોદરા શહેરમાં નેશનલ હાઈસ્પીડ રેલ કંપની દ્વારા મુંબઈથી અમદાવાદ સુધી બુલેટ ટ્રેનના પ્રોજેકટની કામગીરી ચાલુ છે. ત્યારે કંપની ધ્વારા શહેરના વિશ્વામિત્રી રેલ્વે ઓવરબ્રિજ ઉપર ગડર લોન્ચીંગ અને સેગ્મેટની કામગીરી કરવામાં આવનાર છે. ત્યાંરે વિશ્વામિત્રી રેલ્વે ઓવરબ્રિજ ઉપર ગડર લોન્ચીંગ અને સેગ્મેટ લોન્ચીંગની કામગીરી કરતી વખતે રેલ્વે ઓવરબ્રિજ ઉપર અવર-જવર કરતાં વાહનને કોઈ આકસ્મિક બનાવ ન બને, જનતાની સલામતિને ધ્યાને લઈ તથા કામગીરી દરમ્યાન લોકોને અગવડ ન પડે તેની તકેદારીના ભાગરૂપે ૬ જુન રાત્રીના એક વાગ્યાથી ૧૬ જુનના ૧૧ વાગ્યા સુધી અથવા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વિશ્વામિત્રી રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી અવર-જવર કરતાં તમામ પ્રકારના વાહનો માટે ઓવરબ્રિજ બંધ કરવામાં આવશે.

# બનાવટી ફર્મ બનાવીને તેની ફ્રેન્ચાઇઝી આપવાના નામે ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં સાયબર ફ્રોડના અનેક ગુનાઓ નોંધાઈ રહ્યાં છે. મોટી મોટી કંપનીઓના નામે બનાવટી કંપની ઉભી કરીને લોકોને ઠગતાં ઠગોની સંખ્યા વધી રહી છે. ત્યારે અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા અદાણી હેલ્થ વેન્ચર્ચ નામની બનાવટી ફર્મ બનાવીને તેનું માર્કેટિંગ કરી ફાર્મસી ડિસ્ટ્રીબ્યુશનશીપ આપવાના બહાને લોકોના કરોડો રૂપિયા પડાવનાર ગેંગના ત્રણ આરોપીઓને રાજસ્થાન અને પશ્ચિમ બંગાળથી પકડી પાડવામાં આવ્યાં છે. સોવાન ચોગલે અને શશી સિન્હા હજી પકડથી દૂર છે.




પ્રાપ્ત વિગતો પ્રમાણે અદાણી હેલ્થ વેન્ચર્સ લીમીટેડ કંપનીના મેનેજર નેહા રાજબીહારીએ ફરિયાદ કરી હતી કે, છઉૈંફન્નામની બનાવટી ફર્મ બનાવી અમારી કંપનીના નામનો લોગો તેમજ કંપનીના CIN નંબરનો ઉપયોગ કરી કંપનીના બનાવટી દસ્તાવેજો તૈયાર કરી કંપનીના નામે જયપુર તથા કોલકતા ખાતે ઓફિસો ખોલીને અદાણી હેલ્થ વેંચર્સ લીમીટેડ તરફથી ફાર્મસી/ડીસ્ટ્રીબ્યુશનશીપ આપવાના બહાને લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી કરાઈ રહી છે. આ ફરિયાદનો ગુનો સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયો હતો. સાયબર ક્રાઈમ દ્વારા આ કેસની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

સાયબર ક્રાઈમ દ્વારા જણાવાયું હતું કે, આ ગુનો આચરનાર સૌમ્યજીત ગાંગુલીને રાજસ્થાનથી. રાકેશકુમાર સાવ અને બિપુલ બિસ્વાસને કોલકતાથી સાયબર ક્રાઈમ બ્રાંચ દ્વારા પકડી પાડવામાં આવ્યાં છે. આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરૂ રચીને અદાણી હેલ્થ વેન્ચર્સ નામની બનાવટી ફર્મ બનાવીને આ કંપનીના નામનો લોગો તેમજ કંપનીના ઝૈંદ્ગ નંબર નો ઉપયોગ કરી કંપનીના બનાવટી દસ્તાવેજો તૈયાર કરી જયપુર તથા કોલકતા ખાતે ઓફિસો ખોલીને અદાણી હેલ્થ વેન્ચર્સ લીમીટેડ તરફથી ફાર્મસી/ડીસ્ટ્રીબ્યુશનશીપ આપવાના બહાને લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી કરી હતી. આરોપીઓની પુછપરછ કરતા સૌમ્યજીત ગાંગુલીએ રીજીયોનલ સેલ્સ મેનેજર તરીકે ઓળખાણ આપીને કોલકતા, જયપુર,હરીયાણા ખાતે અલગ અલગ લોકોને ફાર્મસી/ડીસ્ટ્રીબ્યુશનશીપ આપી હતી. રાકેશકુમાર સાવ કોલકતા ખાતે આવેલ કંપનીમાં ફેક આધારકાર્ડ, સીમકાર્ડ તેમજ બેંક એકાઉન્ટ પ્રોવાઈડ કરતો હતો.બિપુલ બિસ્વાસ કોલકતા ખાતે આવેલ AHVL કંપનીના પ્રોપરાઈટર હોવાનુ બહાર આવ્યું હતું. આરોપીઓ દ્વારા આ ગુનો કર્યો હોવાની કબુલાત કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### અકસ્માત કરનારા સગીર સાથેના

## લોકોએ મારામારી કરતા બોડકદેવમાં ફરિયાદ નોંધાઇ

### થલતેજમાં ફોર્ચ્યુનર ચાલક સગીરે ૧૬ વર્ષની દિયા પ્રજાપતિને ટક્કર મારતા મોત નિપજ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

થલતેજ સાંદીપની સોસાયટી પાસે થયેલા હીટ એન્ડ રન કેસમાં ૧૬ વર્ષીય સગીરા દિયા પ્રજાપતિનું મોત નિપજ્યું હતું. અકસ્માત કરનાર સગીર સામે કાર્યવાહી કરાયા બાદ તેના પિતા અને મોટા ભાઈ સામે પણ પોલીસે ગુનો નોંધ્યો હતો. ટ્રાફિક પોલીસે સગીરના પિતાની ધરપકડ કરી હતી. ત્યારે હવે આ ઘટનામાં વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અકસ્માતની ઘટના બની ત્યારે કારચાલક સહિત ત્રણ લોકોએ કોઈ પણ જાતનો અફસોસ કર્યા વગર લોકો સાથે બોલાચાલી ઝઘડો કરીને મારામારી કરી હતી. આ મામલે હવે બોડકદેવ પોલીસે ગુનો નોંધી સગીરની સાથે ઘટનાને અંજામ આપનાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. થલતેજમાં આવેલી સાંદીપની સોસાયટીમાં રહેતા સંદીપભાઈ પ્રજાપતિ શીલજ ખાતે હોટલ ધરાવે છે. ગત તા.૩૧મીએ તેમની ૧૬ વર્ષીય દિયા નામની પુત્રી ઘરની બહાર નિકળી ત્યારે ફોર્ચ્યુનર લઈને આવેલા સગીરે દિયાને ટક્કર મારી હતી. સારવાર દરમિયાન દિયાનું મોત નિપજ્યું હતું. આ મામલે એન ડિવિઝન ટ્રાફિક પોલીસે સગીર સામે ગુનો નોંધ્યો હતો અને બાદમાં સગીરના પિતા તથા ભાઈ સામે ગુનો નોંધ્યો હતો. ત્યારે ઘટના સમયે સગીરે કેટલાક લોકોને ફોન કરીને બોલાવ્યા હતા. આ શખ્સોએ ઘટનાસ્થળે આવીને સોસાયટીના લોકો અને સંદીપભાઈના ભાણા સાથે બોલાચાલી કરીને દાદાગીરી કરી હતી.

### ૩૦ ટકા ગુજરાતીઓ કોંગ્રેસને આજે પણ વોટ આપે છે

## ગુજરાતમાં ૩૦ વિધાનસભા પર કોંગ્રેસ મજબૂત, ભાજપનો વોટશેર ઘટ્યો

### ચૂંટણી પંચના ડેટા મુજબ, ૨૦૧૯ની ચૂંટણીમાં તેનો વોટ શેર ૬૩.૧૧ ટકા હતો તે ઘટીને ૬૧.૮૬ ટકા થઈ ગયો છે

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

ગુજરાતમાં ભાજપ ૪ બેઠકો નવસારી, ગાંધીનગર, વડોદરા અને પંચમહાલ સિવાય ક્યાંક પાંચ લાખથી વધુની લીડને પાર થઈ શકાયુ નથી. બનાસકાંઠા, જૂનાગઢ, ભરૂચ, પાટણ અને આણંદ એમ પાંચેક લોકસભા ક્ષેત્રો હેઠળની ૩૦ વિધાનસભાઓમાં આ ચૂંટણીની અસર રહી છે. અહીં ભાજપનું જોર ઘટયું છે. અઢી વર્ષ પહેલાં વિધાનસભાની ચૂંટણીમાં આપ અને કોંગ્રેસે અલગ અલગ ચૂંટણી લડતાં કોંગ્રેસ ૧૭ સીટો પર સમેટાઈ ગઈ હતી. લોકસભાની ચૂંટણીની લાંબો ટાઈમ અસર રહી તો બનાસકાંઠા, ખેડા જિ.પંચાયત અને ૭૫ પાલિકાઓમાં કોંગ્રેસ ફાવે તેવી સંભાવના છે? વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હોમ ટાઉનમાં તમામ ૨૬ બેઠકો જીતીને હેટ્રીક ફટકારવાના પ્રયાસમાં મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસે બનાસકાંઠા બેઠક કબજે કરી ભાજપને ઝટકો આપ્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ બેઠકો જીતી હતી, પરંતુ ચૂંટણી પંચના ડેટા મુજબ, ૨૦૧૯ની ચૂંટણીમાં તેનો વોટ શેર ૬૩.૧૧ ટકા હતો તે ઘટીને ૬૧.૮૬ ટકા થઈ ગયો છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ગઠબંધનનો વોટશેર ૩૩.૯૩ ટકા રહ્યો છે. જેમાં કોંગ્રેસનો વોટ શેર ૩૧.૨૪ ટકા છે. છેલ્લા ત્રણ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વોટશેર ૩૧ ટકાની આસપાસ રહ્યો છે. ૩૦ ટકા ગુજરાતીઓ કોંગ્રેસને આજે પણ વોટ આપે છે. આમ આદમી પાર્ટી (AAP) ભરૂચ અને ભાવનગર બેઠકો જીતી શકી નથી. આપના બંને ધારાસભ્યોને ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં વિપક્ષ એક થઈને લડયો તેમાં સૌથી વધુ વસ્તી અને ક્ષેત્રફળ ધરાવતા બનાસકાંઠા જેવા મોટા જિલ્લામા કોંગ્રેસને જીત મળી છે. ભાજપ નો એકાધિકાર તુટ્યો છે. લોકતંત્રની આ જ ખુબી આગમી સમયમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૨ તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસના પગપેસારા માટેનો રસ્તો ખોલી આપે તો નવાઈ નહી બનાસકાંઠા સાથે સપ્ટેમ્બર પછી ખેડા જિલ્લા પંચાયત અને તેના તાબાની પાંચ તાલુકા પંચાયતો તેમજ રાજ્યમા ૭૫થી વધારે નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપ સામે એક મજબૂત પડકાર ઉભો થશે. સપ્ટેમ્બર પછી છ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. રાજકીય પક્ષના નિશાન વગર યોજાતી સરપંચોની ચૂંટણી એ પણ વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં હારજીતના સમીકરણો નક્કી કરતી હોવાથી આગામી સમય રસપ્રદ બની રહશે.

## અમદાવાદના આધેડને સાયબર ગઠિયાએ ૮૬ લાખનો ચુનો લગાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદના લેન્ડ બ્રોકરીંગનું કામ કરતા આધેડને શેરબજારમાં રોકાણ કરીને વધુ નફો કમાવાની લાલચ આપીને સાયબર ગઠિયાએ રૂ. ૮૬ લાખનો ચુનો લગાવ્યો હતો. સિંધુભવન રોડ ખાતેના મેપલ -૨માં રહેતા રુદ્રેશ રસિકલાલ રાવલ(૫૪) જમીમ લે-વેચનું કામ કરે છે. તેઓ ૧૭મી એપ્રિલે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોતા હતા ત્યારે એક જાહેરાત આવી હતી કે શેરબજારમાં રોકાણ કરીને રોજના બે ટકા નફો કમાવો છે. જેથી રાવલે રસ દાખવીને જે તે લીંક પર ક્લીક કરી હતી. જેમાં સક્સો ભારત એક્સચેંજ ૭૯ નામના ગ્રુપમાં તેમને પૂનમ શર્માએ એડ કરી દીધા હતા. જેમાં અભિષેક શર્મા પણ હતા. રાવલ ગ્રુપમાં એડ થઇ ગયા બાદ તેમને એડમીન દ્વારા જુદા જુદા એકાઉન્ટમાં એડ કરીને જુદી જુદી ટીપ્સ આપવાની શરૂઆત કરી હતી. રાવલને થોડો વિશ્વાસ બેસતા તેમણે અને તેના મિત્ર અમિત પટેલે પૂનમ અને અભિષેકના જણાવ્યા મુજબ જુદા ખાતામાં શેરબજાર માટે રૂપિયા ૮૬ લાખ જમા કરાવ્યા હતા.

# ઇન્સ્ટાગ્રામ ઇન્ફ્લ્યુએન્સર રજત દલાલે એક વિદ્યાર્થીનું અપહરણ કરીને તેને માર માર્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

મેરા વિડીયો બનાને કી તેરી હિમત કેસે હુંઇ, મે તુજે કાટ ડાલુગા કહીને જાણીતા બોડી બીલ્ડર અને ઈન્સ્ટાગ્રામ ઈન્ફલ્યુએન્સર રજત દલાલે એક વિદ્યાર્થીનું અપહરણ કરીને તેને માર માર્યો છે. એટલું જ નહિ રજત દલાલે વિદ્યાર્થીનું અપહરણ કર્યા બાદ તેના મોઢા પર ગોબર લગાવ્યું હતું, બાદમાં બાથરુમ સાફ કરાવ્યુ અને મોઢા પર પેશાબ પણ કર્યો હતો. વિદ્યાર્થીએ એક વિડિયો બનાવી તેમાં લખાણ લખી ને સોશિયલ મિડીયા પર વાયરલ કરતા આ ઘટના ઘટી છે. રજત દલાલે વિદ્યાર્થીને ટોર્ચર કરતો વિડીયો પણ ઉતાર્યો હતો.સાબરમતી વિસ્તારમાં રહેતા એક વિદ્યાર્થીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર રજત દલાલ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદી વિદ્યાર્થી ચાંદખેડા માં એક જીમ માં જાય છે. જ્યાં એક મહિના પહેલા ગેસ્ટ તરીકે ઈન્સ્ટાગ્રામ ઈન્ફલ્યુએન્સર રજત દલાલ આવ્યો હતો. વિદ્યાર્થીએ રજત દલાલ સાથે સેલ્ફી પડાવી હતી અને બાદમાં તેઓ એક અઠવાડીયા સુધી જીમમાં કસરત કરવા તેમજ શિખવાડવા માટે આવતો હતો. થોડા દિવસ પહેલા વિદ્યાર્થીએ એક વિડીયો બનાવીને વાયરલ કર્યો હતો. જેમાં લખ્યુ હતું કે રોજ સુબહ અપના મુહ જીમમે દીખા કર મેરા દીન ખરાબ કરતા ગઈકાલે બપોરે રજત દલાલે તેના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી વિદ્યાર્થી ને ફોન કર્યો હતો અને જીમમાં આવવાનું કહ્યુ હતું. બાદમાં રજત દલાલે ઘરનું સરનામુ માંગ્યુ હતું જેથી વિદ્યાર્થીએ તેનુ સરનામું આપ્યુ હતું. થોડી વખત પછી રજત દલાલે તેને ફોન કરીને કહ્યુ હતું કે અમે તારા સોસાયટીની બહાર ઉભા છીએ. વિદ્યાર્થી રજત દલાલને મળવા માટે ગયો હતો જ્યા તે કાળા કલરની થાર લઈને આવ્યો હતો. રજત દલાલ અને તેની સાથે આવેલા તેના બે મિત્રોએ ફરિયાદી ને જબરજસ્તી થારમાં બેસાડી દીધો હતો.રજત પુરઝડપે કાર ચલાવવા લાગ્યો હતો અને બાદમાં ધમકી આપી હતી કે મેરા વિડીયો બનાને કી તેરી હિમત કેસે હુંઈ મે તુજે કાટ ડાલુગા, તુજે નહી છોડુંગા. કાર માંજ રજત અને તેના મિત્રોએ તેને માર મારવા લાગ્યા હતા. રજતે પોતાની જાતને પપ્પા કહેવાડીને માફી મંગાવી હતી. બાદ માં તેને ચાંદખેડા ખાતે આવેલા એક તબેલામાં લઈ ગયા હતા જ્યા વિદ્યાર્થી ના મોઢા પર ગોબર લગાવીને ચપ્પલથી માર માર્યો હતો જેનો વિડીયો પણ ઉતાર્યો હતો. ત્યારબાદમાં તેને ફરીથી ગાડીમાં બેસાડીને જગતપુર ખાતે આવેલા ગ્રીન ગેલેસ સોસાયટીમાં લઈ ગયા હતા જ્યા કોમન પ્લોટમાં ગાળો બોલીને તેની પાસે ઉઠક બેઠક કરાવી હતી જેનો રજતે વિડિયો ઉતાર્યો હતો.એટલું જ નહિ જબરજસ્તી લીફ્ટમાં લઈ ગયો હતો અને બાદમાં એક ફલેટમાં લઈ ગયો હતો. જ્યા તેની સાથે બાથરુમ સાફ કરાવીને માર માર્યો હતો. જેનો પણ વિડીયો ઉતાર્યો હતો અને માફી મંગાવી હતી.

# પાલનપુર શહેર વોર્ડ નંબર - ૬ ના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો

। (એજન્સી) પાલનપુર, તા.૬ ।

પાલનપુર શહેર વોર્ડ નંબર - ૬ ના વિસ્તારને ‘‘કોલેરાગ્રસ્ત’’ જાહેર કરાયો છે. જિલ્લા કલેકટરે જાહેરનામું પાડીને પાલનપુરના વોર્ડ નંબર ૬ ને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે. એક સાથે ૨૩ વ્યક્તિઓને ઝાડા ઉલટી થતા એક વ્યક્તિના સેમ્પલમાં કોલેરાના લક્ષણો આવતા વોર્ડ નંબર ૬ને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયો છે. ગુજરાતમાં ફરી એકવાર કોલેરાએ હાહાકાર મચાવ્યો છે. ૨૩ વ્યક્તિઓને ઝાડા ઉલટી થતા એક વ્યક્તિના સેમ્પલમાં કોલેરાના લક્ષણો આવતા વહીવટી તંત્ર એલર્ટ મોડમાં જોવા મળી રહ્યું છે. જેના પગલે જિલ્લા કલેકટરે જાહેરનામું પાડીને પાલનપુરના વોર્ડ નંબર ૬ ને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. આ વિસ્તારનેકોલેરાગ્રસ્તજાહેરકરાતાલોકોમાંફફડાટવ્યાપીગયોછે. પાલનપુર શહેર વોર્ડ નંબર - ૬ ના વિસ્તારને ‘‘કોલેરાગ્રસ્ત’’ જાહેર કરાયો છે. જિલ્લા કલેકટરે જાહેરનામું પાડીને પાલનપુરના વોર્ડ નંબર ૬ ને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે. એક સાથે ૨૩ વ્યક્તિઓને ઝાડા ઉલટી થતા એક વ્યક્તિના સેમ્પ



લમાં કોલેરાના લક્ષણો આવતા વોર્ડ નંબર ૬ને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયો છે.પાલનપુર શહેરી વોર્ડ નંબર –૬ ના વિસ્તાર (ખાસદાર ફળી, ભકતોની લીંમડી, નાની બજાર, રબારીવાસ, જમાદારવાસ, ગોબાંદવાસ, સલાટવાસ, સુન્ની વોરવાસ, કચરૂ ફળી, આંબલી દરગાહ, કમાલપુરા, ઝવેરી માઢ, દિલ્હી ગેટ, પત્થર સડક, અબરકુવા, જૂનો અબરકુવા, ઝાંઝર સોસાયટી) ની આજુબાજુનો ૨ કિ.મી. સુધીનો વિસ્તાર ‘‘કોલેરાગ્રસ્ત’’ તરીકે જાહેર કરાયો છે.

## વિશેષ

### કૃષિ ઉત્પાદનોમાં જંતુનાશકોના અવશેષો નિવારવા માટેના પગલાં

# ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં ભલામણ મુજબ જ રોગ અને જીવાત માટે દવાનો ઉપયોગ કરવો

। ગાંધીનગર ।

કૃષિ ઉત્પાદનોમાં જંતુનાશકોના અવશેષો નિવારવા માટેના પગલા અંગે ખેડૂત સમુદાયને માહિતગાર કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી ગાંધીનગર દ્વારા કેટલાક જરૂરી પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જંતુનાશકોના અવશેષો નિવારવાના પગલાં અનુસંધાને એવા જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતિકરણની પ્રક્રિયામાંથી શરીરમાં જમા થાય છે તેના ઉપયોગ પર સરકાર તરફથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય અથવા તેને નિયંત્રિત વપરાશ હેઠળ મુકવામાં આવ્યા હોય, આવા જંતુનાશકોનો વપરાશ બિલકુલ કરવો જોઈએ નહીં. પાકસંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા દ્વારા જે તે પાક ઉપર જે તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પ્રાયોગિક પરિણામો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ ભલામણ કરેલ માત્રાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતા છંટકાવથી જીવાતમાં પ્રતિકારકતા કેળવાતી હોય ખેડૂતોને વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની ફરજ પડે છે. જે આર્થિક રીતે નુકસાનકારક છે સાથે સાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે. ઉપરાંત ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં યુનિવર્સિટીની ભલામણ મુજબજ જે તે પાકોના જે તે રોગ જીવાત માટે જે દવાની ભલામણ કરેલ છે તેનો જ ઉપયોગ કરવો તથા સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા તથા શાકભાજીની ઉપયોગમાં લેતા પહેલા સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ કારણ કે, શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળી સપાટી વાળા શાકભાજીમાં વધુ હોય છે. જ્યારે શોષક એટલે કે સિસ્ટમેટિક પ્રકારની જંતુનાશકો કરતા સ્પર્શક એટલે કે કોન્ટેક્ટ જંતુનાશકોમાં અવુશેષો વધુ હોય



છે. શાકભાજી ફળફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન-FAO અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન- WHO દ્વારા નક્કી કરવામાં આવે છે કે અવશેષોની માત્રા એમ.આર.એલ કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો નક્કી કરવામાં આવે છે જેને વેઈટિંગ પિરિયડ કહે છે. આ વેઈટિંગ પિરિયડ પહેલાં ખેત પેદાશો ઉતારવા કે વીણી કરવી નહીં. શક્ય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણ જેવા કે એમામેકિટન, બેન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણ નો ઉપયોગ કરવો. આ સિવાય સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્ન હળવા કરી શકાય છે. જેમ કે ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી જમીન તપવાથી કોશેટા જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે.જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિ યુક્ત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી, પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ, ફળ માખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજર પાક, કીટક બક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી -ખાડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે. જેનાથી કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે. જો જંતુનાશકનો છંટકાવ કરવાનો આવે તો જે તે પાક પર યોગ્ય જંતુનાશક નો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્ર ઓળંગ્યા બાદ જ કરવો. ઘરમાં મચ્છર, માંખી, વંદા, ઉધઈ, ઉંદર વગેરેના નિયંત્રણ માટે જંતુનાશકો વાપરતી વખતે યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જંતુનાશકો અનાજ પાણી લોટ વગેરેમાં ભળી જાય છે અને તેના અવશેષો આપણા શરીરમાં પ્રવેશે છે. ઘરગથ્થુ જીવાતોનું નિયંત્રણ કરતી વખતે જંતુનાશકો છાંટ્યા પહેલા પાણીના વાસણો, અનાજના પીપ, અનાજની ગુણ વગેરે કાપડ અથવા પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જોઈએ. મકાનમાં ઉધઈ નિયંત્રણ માટે કલોરપાયરીફોસનો ઉપયોગ થાય છે પરંતુ આનું વિઘટન જલ્દીથી થતું નથી હાલમાં નિયનીકોટીનોઈડ જૂથની ઈમીડાકલોપ્રીડ કીટક નાટક ઉધઈ નિયંત્રણ માટે અસરકારક અને દુર્ગંધ વગરની છે. અને અવશેષોના પ્રશ્નો ઓછા આવે છે. આજ રીતે જો અનાજમાં ભેજ વધુ હોય તો સૂર્યપ્રકાશમાં અનાજ સુકવ્યા પછી જ તેના સંગ્રહ માટે હવા ચુસ્ત પીપ નો ઉપયોગ કરવો કે જેથી કીટકો તેમાં પ્રવેશી શકે નહીં. આ ઉપરાંત ઘઉં જેવા અનાજની દિવેલનો પટ આપીને સંગ્રહ કરવામાં આવે તો કીટકોનો ઉપદ્રવ ઓછો કરી શકાય છે. આજ રીતે બાજરી જેવા અનાજમાં રાખ અથવા લીમડાના પાન ભેળવવામાં આવે છે.

# ટી-૨૦ વર્લ્ડકપની આગામી મેચમાં થઈ શકે મોટો ફેરફાર

## મેચમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી ઓપનિંગ કરવા માટે આવ્યા, પરંતુ વિરાટ કોહલી કોઈ પણ કમાલ દેખાડ્યા વગર આઉટ થઈ ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતીય ટીમે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની શરૂઆત જીત સાથે કરી દીધી છે. ટીમ ઈન્ડિયાએ આ વિશ્વકપની આઠમી મેચમાં આયરલેન્ડને ધૂળ ચટાડી છે. ભારતીય ટીમે ભલે આ મેચ પોતાના નામે કરી પરંતુ આમ છતાં રોહિત શર્માનો એક નિર્ણય સવાલના ઘેરામાં છે. રોહિતનો એક પ્રયોગ ખોટો ઠર્યો. ભારતીય ટીમની સામે આયરલેન્ડની ટીમ હતી એટલે કોઈ મુશ્કેલી ન પડી અને ટીમ ઈન્ડિયા સરળતાથી જીતી ગઈ. પરંતુ જો આયરલેન્ડની જગ્યાએ કોઈ મોટી ટીમ હોત તો આ જીત એટલી સરળ ન રહી હોત. આવામાં એવી અટકળો થઈ રહી છે કે પાકિસ્તાન વિરુદ્ધ મોટો ફેરફાર જોવા મળી શકે છે. અત્રે જણાવવાનું કે આઈસીસી ટી૨૦ વિશ્વકપ ૨૦૨૪ની શરૂઆત પહેલા જ રોહિત શર્મા અને વિરાટ કોહલીને ઓપનિંગમાં બોલાવવાની અનેક દિગ્ગજોએ સલાહ આપી હતી. ભારતીય ટીમના અનેક દિગ્ગજો પણ આ કોમ્બિનેશનને પરફેક્ટ ગણાવતા હતા. પરંતુ આયરલેન્ડ વિરુદ્ધ રોહિત શર્માનો આ એક એક્સપરિમેન્ટ ખોટો ઠર્યો. આ મેચમાં રોહિત શર્મા




અને વિરાટ કોહલી ઓપનિંગ કરવા માટે આવ્યા. પરંતુ વિરાટ કોહલી કોઈ પણ કમાલ દેખાડ્યા વગર આઉટ થઈ ગયો. આયરલેન્ડ વિરુદ્ધ વિરાટે ૫ બોલમાં ફક્ત એક રન કર્યો અને ચાલતી પકડી. આવામાં મોટો સવાલ છે કે લક્ષ્ય નાનો હતો, સામે આયરલેન્ડની ટીમ હતી આથી વિરાટના આઉટ થયા બાદ પણ ટીમ ઈન્ડિયાએ સરળતાથી મેચ જીતી લીધી. પરંતુ શું ટીમ ઈન્ડિયા પાકિસ્તાન સામે આવો પ્રયોગ કરશે ખરી? જો રોહિત શર્મા સાથે કોઈ અન્ય ખેલાડી ઓપનિંગ કરવા માટે આવે તો તે નિડર થઈને રમી શકે છે. કારણ કે તેના મનમાં હોય છે કે એક વિકેટ પડ્યા બાદ દુનિયાના સૌથી બેસ્ટ બેટર વિરાટ કોહલી બેટિંગ માટે મેદાન પર ઉતરશે. પરંતુ રોહિત શર્મા સાથે જો વિરાટ કોહલી ઓપનિંગ કરવા લાગે તો એક પણ વિકેટ પડે તો ટીમ ઈન્ડિયાને ઝટકો લાગી શકે છે. રોહિત અને વિરાટને ટીમ ઈન્ડિયાના દિલ અને ધડકન કહે છે. આવામાં એક વિકેટ પડ્યા બાદ ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાં પડી જાય. રોહિતનો આ નિર્ણય આયરલેન્ડ વિરુદ્ધ ફ્લોપ થઈ ગયો. આવામાં જોવાનું એ રહેશે કે શું પાકિસ્તાન વિરુદ્ધ ટીમ ઈન્ડિયા બેટિંગ ક્રમમાં ફેરફાર કરશે કે પછી આ કોમ્બિનેશન સાથે રમવા ઉતરે છે.

**ન્યૂઝ બ્રિફ**

### મોટાભાઈ લોકસભા ચુંટણીમાં વિજયી થયા બાદ ઈરફાને શેર કરી ખાસ પોસ્ટ

। (એજન્સી) કોલકાતા, તા.૬ ।

૧૮ મી લોકસભા ચૂંટણીના પરિણામ એક્ઝિટ પોળથી વિપરીત અને ચોંકાવનારા આવ્યા છે ત્યારે યુસુફ પઠાણની જેમણે લોકસભા ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી છે. તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર યુસુફ પઠાણે પશ્ચિમ બંગાળના બરહમપુરથી લોકસભા ચૂંટણી લડી હતી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા અધીર રંજન ચૌધરીને હરાવ્યા હતા. અધીર રંજન ચૌધરી ૨૫ વર્ષ પછી ચૂંટણી હાર્યા છે અને યુસુફ પઠાણે આ કારનામું કર્યું છે. યુસુફ પઠાણની આ જીત બાદ તેના ચાહકોમાં ખુશીની લહેર છે અને તેના નાના ભાઈ ઈરફાન પઠાણની ખુશીની કોઈ સીમા નથી. યુસુફ પઠાણની રાજકીય કારકિર્દીની આ પ્રથમ જીત છે પરંતુ આ પહેલા તેણે રમતગમતના મેદાનમાં ઘણી મોટી જીત હાંસલ કરી છે. મોટા ભાઈની જીત બાદ ઈરફાન ઈમોશનલ થઈ ગયો હતો અને તેણે સોશિયલ મીડિયા પર યુસુફ માટે ખાસ મેસેજ પોસ્ટ કર્યો હતો. પશ્ચિમ બંગાળના બરહમપુરથી લોકસભા ચુંટણીમાં વિજયી થયા બાદ યુસુફ પઠાણ પણ ખૂબ ખુશ દેખાઈ રહ્યો હતો. તેમણે કહ્યું કે તેઓ બહરમપુરના લોકોનો આભાર માને છે જેમણે તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે તેઓ દરેક કાર્યકરની મહેનતથી જીવે છે.

### લાલ રૂમાલ બતાવીને ટ્રેન રોકીને ૧૫૦૦ મુસાફરોના જીવ બચાવ્યા



। (એજન્સી) સમસ્તીપુર, તા.૬ ।

એક બાળકની સુજબૂજથી બિહારના સમસ્તીપુરમાં એક મોટી દુર્ઘટનાં સર્જાતા રહી ગઈ હતી. ૧૧ વર્ષના શાહબાઝે તિરાડ પડેલા રેલવે ટ્રેકને જોઈને લાલ રૂમાલ બતાવીને ટ્રેન રોકીને ૧૫૦૦ મુસાફરોના જીવ બચાવ્યા હતા. આ યુવક તેની બહાદુરીનાં કામને લઈ હાલ ખૂબ જ ચર્ચામાં છે. લોકો હવે તેમનું સન્માન કરવા આવી રહ્યા છે. આ જ રેલવે તેને ઈનામ આપવાની વાત પણ કરી રહી છે. તમને જણાવી દઈએ કે ગત શનિવારે સમસ્તીપુર મુઝફ્ફરપુર રેલ્વે સેક્શનના ભોલા ટોકીઝ ગુમતી નંબર ૫૩એ થી અમુક અંતરે રેલ્વે ટ્રેકમાં તિરાડ પડી હતી. દરમિયાન ન્યૂ કોલોની વોર્ડ નંબર ૨૭માં રહેતા મો શકીલનો પુત્ર શાહબાઝ તેના પિતાને નાસ્તો આપીને રેલવે ટ્રેક પરથી ઘરે પરત ફરી રહ્યો હતો. પછી તેની નજર તિરાડવાળા રેલવે ટ્રેક પર પડી. ૧૧ વર્ષના બાળકે પોતાની સુજબૂજથી લાલ રંગનું કપડું બતાવીને સમસ્તીપુરથી મુઝફ્ફરપુર જતી ૧૩૦૧૯ કાઠગોદામ એક્સપ્રેસને રોકવાનો સંકેત આપ્યો. આ દરમિયાન શાહબાઝ પણ ઘાયલ થયો હતો પરંતુ તે ટ્રેન રોકવામાં સફળ રહ્યો હતો. આ દરમિયાન ટ્રેનનું એન્જિન તૂટેલા પાટા પરથી પસાર થઈ ગયું હતું.

#### સરકાર રચવાની ચર્ચા વચ્ચે જેડીયુનું મોટું નિવેદન

## અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ : કેસી ત્યાગી

। ૫ (એજન્સી) ।ટણા, તા.૬ ।

JDUના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ સરકારની રચનાની ચર્ચા વચ્ચે અગ્નિવીર યોજના અને UCC સાથે ચાર મુદ્દા ઉઠાવીને ભાજપની ચિંતા વધારી દીધી છે. ગુરુવારે (૦૬ જૂન) કેસી ત્યાગીએ કહ્યું કે અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ. આ અંગે વિચાર કરવાની જરૂર છે. UCC પર તમામ પક્ષો સાથે વાતચીત થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે બિહારે જાતિ આધારિત મત ગણતરીમાં બહારનો રસ્તો બતાવ્યો છે. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. કેસી ત્યાગીએ કહ્યું કે, નીતિશ



કુમારે યુસીસી પર કાયદા પંચને પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે તેની વિરુદ્ધ નથી પરંતુ વ્યાપક ચર્ચાની જરૂર છે. અમે વન નેશન વન ઈલેક્શનને સમર્થન આપ્યું છે. અગ્નિવીર યોજના પર નવી રીતે વિચારવાની જરૂર છે. મોટા વર્ગમાં અસંતોષ હતો. હું એમ પણ માનું છું કે તેમના પરિવારના સભ્યોએ પણ ચૂંટણીનો વિરોધ કર્યો, તેથી, તેના ફરી નવેસરથી વિચારવાની જરૂર છે. અગાઉ કેસી ત્યાગીએ કહ્યું હતું કે અમે બિહારમાં લાંબા સમયથી એક મોટી દળ તરીકે કામ કરી રહ્યા છીએ. નીતીશ કુમારે જે રીતે સુશાસન દ્વારા સમાજના એક મોટા વર્ગનું સમર્થન મેળવ્યું છે તે ઘણી વખત જનતાની સામે આવ્યું છે. મહિલાઓનું સશક્તિકરણ, તમામ વિભાગોમાં મહિલાઓનું આરક્ષણ, વંચિત સમુદાયના લોકોની વ્યાપક ભાગીદારી, અમે બિહારમાં પણ NDAના સમર્થનમાં વધારો કર્યો છે. ફરી એકવાર અમે NDAના મજબૂત ભાગીદાર તરીકે ઉભરી આવ્યા છીએ. કયાં મંત્રાલયમાં સેવા આપવાની ઈચ્છા છે. તે સવાલના જવાબમાં કેસી ત્યાગીએ કહ્યું કે ભૂતકાળના અનુભવના આધારે અટલ બિહારી વાજપેયીના સમયમાં ઉડ્ડયન મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, રેલ્વે મંત્રાલય, દૂરસંચાર મંત્રાલય હતું. અમે લગભગ ૨૦ વર્ષથી માંગ કરી રહ્યા છીએ કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. મંત્રાલયને લઈને અમારો કોઈ આગ્રહ કે કોઈ શરત નથી. બિહારના વિકાસ માટે નરેન્દ્ર મોદી અને નીતીશ કુમાર જે પણ શ્રેષ્ઠ લાગશે તે અમે સ્વીકારીશું.

## બરેલીમાં યુવતીને ગૌમાંસ ખવડાવી ધર્માંતરણ કરાવ્યું

। (એજન્સી) બરેલી, તા.૬ ।

ઉત્તર પ્રદેશના બરેલીમાં લવ જેહાદનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં આરોપીએ લવ જેહાદ સાથે ક્રૂરતાની હદ વટાવી દીધી હતી. તેણે પીડિતાને મારપીટ પણ કરી અને અંતે તેને ઘરની બહાર ફેંકી દીધી. આ પછી પીડિત યુવતી પોલીસ પાસે પહોંચી. પીડિતાએ જણાવ્યું કે કેવી રીતે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી અને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું. આ પછી આરોપી અને તેના પરિવારજનો તેની સાથે પ્રાણીઓ જેવો વ્યવહાર કરતા હતા. મામલો બહારી પોલીસ સ્ટેશન વિસ્તારના સુન્ની નગરનો છે. અહીં આરોપી યુવકે પોતાની ઓળખ છુપાવીને યુવતીને પ્રેમ જાળમાં ફસાવી હતી. ગુડગાંવમાં કામ કરતી વખતે બિહારની એક હિંદુ યુવતીને એક કટ્ટરવાદીએ પોતાના પ્રેમની જાળમાં ફસાવી હતી. આ દરમિયાન તેણે પોતાની ઓળખ પણ બદલી નાખી. આ પછી પીડિતાને બરેલીની આલા હઝરત દરગાહમાં લાવવામાં આવી અને લગ્ન કરી લીધા. તેને ગૌમાંસ ખવડાવીને તેનું ધર્માંતરણ પણ કરાવ્યું હતું. લગ્ન બાદ યુવતી ગર્ભવતી થતાં તેણીનો બળજબરીથી ગર્ભપાત કરાવ્યો હતો.

#### પેપર રદ્દ કરવાની કરાઇ માંગ

## NEET પરીક્ષામાં ગેરરીતિઓ થયાની વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી ફરિયાદ

### ઉમેદવારો સોશિયલ મીડિયા પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

મેડિકલ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે NEET જેવી મુશ્કેલ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. એવા ઘણા ઓછા વિદ્યાર્થીઓ છે જેઓ ટોચની કોલેજોના કટઓફને ક્લિયર કરી શકે છે. મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો આ પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થવાનું સપનું હોય છે, જેના માટે તેઓ દિવસ-રાત મહેનત કરે છે. આ વર્ષે NEET પરિણામ જાહેર થયા પછી ઉમેદવારો નારાજ દેખાય છે. ઉમેદવારો સોશિયલ મીડિયા હેન્ડલ પર NTA પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર #Neet_paper_Cancel_Karo હેશટેગ સાથે સતત પોસ્ટ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં વિદ્યાર્થીઓ માને છે કે આ વર્ષે NEET પરીક્ષામાં ગેરરીતિઓ થઈ છે. એક્સ પર આ હેશટેગ સાથે ટ્વિટનું પૂર આવ્યું છે. NEET પરિણામ જાહેર થયા બાદ જ આ પરીક્ષા અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પરિણામોને શંકાના દાયરામાં રાખીને લોકો તેના પર સવાલો ઉઠાવી રહ્યા છે. ટ્વીટ અનુસાર, લોકો કહી રહ્યા છે કે આટલી અઘરી પરીક્ષામાં ૬૭ વિદ્યાર્થીઓ સંપૂર્ણ માર્ક્સ કેવી રીતે મેળવી શકે, જ્યારે આવું પહેલા ક્યારેય બન્યું નથી. આ ઉપરાંત, હરિયાણાના એક જ કેન્દ્રમાંથી ૮ ઉમેદવારો એવા છે જેમણે ૭૨૦ માંથી ૭૨૦ માર્ક્સ મેળવ્યા છે. મુખ્ય કારણ એ પણ છે કે પરીક્ષા દરમિયાન પટનામાં નકલી ઉમેદવારોની ધરપકડ બાદ પેપર લીક થવાની વાત રજૂ કરાઈ હતી પરંતુ તેમ છતાં પરીક્ષા લેવામાં આવી હતી. નોંધનીય છે કે પરિણામ જાહેર થાય તે પહેલા જ આ વિરોધ ચાલુ છે, કારણ કે બિહાર પોલીસે દ્વઈઈ્ પેપર લીક કેસમાં કેટલાક લોકોની ધરપકડ કરી હતી.

#### રાયબરેલીમાં હાર્યા બાદ દિનેશ પ્રતાપે જાહેરાત કરી

## એક વર્ષ સુધી જનતા માટે કામ નહીં જ કરૂ : દિનેશ પ્રતાપસિંહ

### જનતાએ રાહુલને કામ માટે મળવું જોઈએ : દિનેશ પ્રતાપસિંહ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૬ ।

રાહુલ ગાંધીની સામે કારમી હાર બાદ યોગી સરકારમાં મંત્રી અને ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ રાયબરેલીના લોકોમાં ભારે નારાજ છે. દિનેશ પ્રતાપ સિંહે રાયબરેલી લોકસભા બેઠક પરથી હાર્યાના બીજા દિવસે જાહેરાત કરી હતી કે તેઓ એક વર્ષ માટે રજા પર રહેશે. રાયબરેલીના લોકોના મામલાથી દૂર રહેશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન જનતાએ તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવવા જોઈએ. હવે તે પોતાના પરિવારને સમય આપશે.



રાયબરેલીમાં દિનેશ પ્રતાપ સિંહને રાહુલ ગાંધીએ ત્રણ લાખથી વધુ મતોથી હરાવ્યા છે. ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે રાહુલ ગાંધીની જીતને કઠગરામાં મૂકી. કહ્યું કે રાહુલ ગાંધી પોતાના બળ પર ચૂંટણી જીત્યા નથી. સમાજવાદી પાર્ટીએ તેમને ચૂંટણી જીતાડ્યા છે. આ જીતનો શ્રેય રાહુલ કે પ્રિયંકા અને તેમની માતા સોનિયા ગાંધીને જતો નથી. જો સપા તેમની સાથે ન હોત તો તેઓ ક્યારેય રાયબરેલીથી ચૂંટણી જીતી શક્યા ન હોત. જીત અને હાર એ ચૂંટણીનો એક ભાગ છે. તેમણે કહ્યું કે હવે બહુ રાજકારણ થઈ ગયું છે. હવે હું એક વર્ષ સુધી રાજકારણ નહીં કરું અને મારો સમય મારા પરિવારને આપ ીશ. એક વર્ષ સુધી જનતાથી દૂર રહેશે. જનતા તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવશે. જિલ્લાની જનતાના સુખ-દુઃખમાં હંમેશા સાથ આપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. હવે તેની જવાબદારી રાહુલ ગાંધીની છે.

#### સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે

## કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું

### પાર્ટીના ઉમેદવાર સુરેશ ગોપી રાજ્યની ત્રિશૂર લોકસભા સીટ પરથી ૭૫ હજાર કરતાં વધુ મતથી જીતી ગયા છે

। (એજન્સી) થ્રિસુર, તા.૬ ।

કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું છે. કેરળથી ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે જ્યાં પાર્ટીએ થ્રિસુર લોકસભા બેઠક જીતી લીધી છે. લોકસભા ચૂંટણીમાં કેરળમાં ભાજપનું ખાતું પહેલીવાર ખૂલ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪નાં પરિણામો જાહેર થઈ ગયા છે. ભાજપને બહુમતી કરતાં ઓછી બેઠકો મળી છે પરંતુ તેની આગેવાની હેઠળના દ્ગઢ્ઢછ ગઠબંધન પાસે પૂર્ણ બહુમતી છે. ભાજપ માટે આ ચૂંટણી પરિણામમાં કેરળમાંથી પણ સારા સમાચાર સામે આવ્યા છે. કેરળમાં પહેલીવાર ભાજપે લોકસભા સીટ જીતી છે. પાર્ટીના ઉમેદવાર સુરેશ ગોપી રાજ્યની ત્રિશૂર લોકસભા



સીટ પરથી ૭૫ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. કેરળમાં લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવનાર સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે જેઓ રાજકારણ તરફ વળ્યા છે. મણિચિત્રથાઝુ, અ નોર્ધન સ્ટોરી ઑફ વેલોર અને ઓરુ સીબીઆઈ ડાયરી કુરિપ્પુ સહિત ૨૫૦ થી વધુ લોકપ્રિય ફિલ્મોમાં તેમણે કામ કર્યું છે. ગોપીને ૧૯૯૮માં તેમની ફિલ્મ કાલિયાટ્ટમ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો હતો. સુરેશ ગોપીનો જન્મ કેરળના અલપ્પુઝા જિલ્લામાં થયો હતો.

#### ૨૬,૦૦૦થી વધુ શાખામાં સ્પર્શ સેવા ઉપલબ્ધ બનશે

## ચાર બેંકોની ૧,૧૨૮ શાખામાં સ્પર્શ સેવા કેન્દ્રો તરીકે એમઓયુ કરાયા

### સંરક્ષણ મંત્રાલયના નિવૃત્ત કર્મચારીઓને દર મહિને તેમના ઘરની નજીક પેન્શનને લગતી તમામ સેવા મળી રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા સૈન્યના નિવૃત્ત કર્મચારીઓ, ખાસ કરીને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નિવૃત્ત સૈન્ય કર્મચારીઓને દર મહિને પેન્શન મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશિષ્ટ પગલું લેવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા આ માટે દેશની ચાર બેંકો સાથે સમજૂતી કરવામાં આવ્યા છે જેને પગલે આ બેંકોની ગ્રામ્ય વિસ્તારની શાખાઓ મારફત નિવૃત્ત સૈન્ય કર્મચારીઓને પેન્શન મેળવવામાં તેમજ તેમની હયાતીના દાખલા પૂરા પાડવા માટે ઘર આંગણે સુવિધા મળી રહેશે. નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયે ચાર બેંકો - બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંકની ૧,૧૨૮ શાખાઓમાં સેવા કેન્દ્રોમાં ડિફેન્સ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટ સાથે SPARSH તરીકે સામેલ કરવા માટે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીથી પેન્શનરોને તેઓ રહેતા હોય ત્યાં નજીકમાં જ પેન્શનને લગતી તમામ સેવા પૂરી પાડશે, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં જ્યાં નિવૃત્ત પેન્શનરો પાસે SPARSH પર લૉગ ઈન કરવા માટે તકનીકી નથી. આ સેવા કેન્દ્રો SPARSH માટે પેન્શનરો માટે માધ્યમ બનશે, તેમની પ્રોફાઈલ અપડેટ કરવા માટે અસરકારક માધ્યમ પ્રદાન કરશે. તે ઉપરાંત ફરિયાદો નોંધશે; પ્રતિવર્ષ જરૂરી એવી હયાતીનું ફોર્મ ડિજિટલ માધ્યમથી ભરી શકાશે; ડેટા વેરિફિકેશન થઈ શકશે, તેમના માસિક પેન્શન સંબંધિત વિગતવાર માહિતી મેળવવામાં પણ મદદ મળશે. સંરક્ષણ મંત્રાલયના પેન્શનરો માટે આ સેવાઓ તદ્દન મફત છે, પરંતુ સેવા માટે જે કોઈ નજીવો ચાર્જ ચૂકવવાનો થાય છે તે સંરક્ષણ એકાઉન્ટ વિભાગ (DAD) દ્વારા ચૂકવવામાં આવશે. આ એમઓયુ સાથે, સ્પર્શ સેવાઓ હવે દેશભરની કુલ ૧૫ બેંકોની ૨૬,૦૦૦થી વધુ શાખાઓમાં ઉપલબ્ધ થશે. આ ૬ઇછ૬ના ૧૯૯ સમર્પિત સેવા કેન્દ્રો અને દેશભરમાં ૩.૭૫ લાખથી વધુ સામાન્ય સેવા કેન્દ્રો ઉપરાંત છે. સ્પર્શ એ સંરક્ષણ મંત્રાલયની એક પહેલ છે જેનો ઉદ્દેશ્ય સંરક્ષણ પેન્શનરોને વ્યાપક ઉકેલ પૂરો પાડવાનો છે. સંરક્ષણ પેન્શનના સંચાલનમાં તે મૂળભૂત પરિવર્તન છે કારણ કે તે કાર્યક્ષમતા, પ્રતિભાવ અને પારદર્શિતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

#### દિલ્હી સરકારની અરજી પર સુનાવણી

## હિમાચલ પ્રદેશને પાણી છોડવાનો આદેશ અપાયો

### હરિયાણાએ હિમાચલ દ્વારા છોડાયેલા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવામાં સહયોગ આપવો જોઈએઃ SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

જળ સંકટનો સામનો કરી રહેલી દિલ્હી માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારની અરજી પર સુનાવણી કરતા હિમાચલ પ્રદેશને પાણી છોડવાનો આદેશ આપ્યો છે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં વધી રહેલા જળ સંકટને લઈને દિલ્હી સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશને આવતીકાલે શુક્રવારે ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, ‘‘દિલ્હીમાં કોઈપણ રીતે પાણીનો બગાડ ન થાય તેની કાળજી રાખવામાં આવે. હરિયાણાએ હિમાચલ પ્રદેશ દ્વારા છોડવામાં આવેલા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવામાં સહયોગ આપવો જોઈએ.’’ જસ્ટિસ વિશ્વનાથન અને જસ્ટિસ પ્રશાંત મિશ્રાની ખંડપીઠે આ કેસની સુનાવણી કરતા કહ્યું કે, આ પાણી લાવવા માટે એક રસ્તા કાઢવાના અધિકારનો મામલો છે. આવા ગંભીર મુદ્દા પર આપણે ધ્યાન આપવું પડશે. હિમાચલ પ્રદેશ ૧૫૦ ક્યુસેક પાણી આપી રહ્યું છે, તો તમે (હરિયાણા) તેને પસાર થવા દો. જરૂર પડશે તો અમે મુખ્ય સચિવ સાથે વાત કરીશું. દિલ્હી સરકાર વતી સિંઘવીએ કહ્યું કે, એક બેઠક યોજાઈ હતી. કે હિમાચલ પાણી આપવા માટે તૈયાર છે પરંતુ હરિયાણાએ કોઈ જવાબ આપ્યો નથી. આ કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ‘‘યમુના રિવર ફ્રન્ટ બોર્ડના તમામ સભ્યો એ વાત પર સહમત હતા કે બંને રાજ્યો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે.

## તંત્રી લેખ...

# કર્માનુસાર બધું જ આપવા છતાં, મનુષ્ય દરેક સમયે ફરિયાદ લાવે

એકવાર સર્વશક્તિમાન સૃષ્ટિ નિર્માતા ઈશ્વર ઘણી દુવિધામાં પડી ગયા કે મનુષ્ય જ્યારે પણ મુસીબતમાં આવે છે, તરત દોડીને મારી પાસે આવીને કંઈને કંઈ માગવા લાગે છે. આ સમસ્યાના નિવારણ માટે તમામ દેવતાઓની બેઠક બોલાવી અને કહ્યું, 'મનુષ્યની રચના કરીને મુસીબતમાં પડી ગયો છું. દરેક મનુષ્યને તેના કર્માનુસાર બધું જ આપવા છતાં કોઈને કોઈ મનુષ્ય દરેક સમયે ફરિયાદ લઈને આવે છે, જેનાથી મારી તપસ્યામાં વિઘ્ન આવે છે. મને એવું સ્થળ બતાવો જ્યાં મનુષ્ય આવી ન શકે.' દેવતાઓએ પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું, પ્રભુ તમે હિમાલયની ટોચ પર ચાલ્યા જાવ. ત્યારે પ્રભુએ કહ્યું કે ત્યાં સુધી મનુષ્યને પહોંચતાં વાર નહીં લાગે. એક દેવતાએ કહ્યું, સમુદ્રમાં છૂપાઈ જાવ. પ્રભુએ ના પાડી કે મનુષ્ય તરવાનું પણ શીખી લેશે. એક દેવતાએ કહ્યું તમે અંતરિક્ષમાં ચાલ્યા જાવ. તો પ્રભુએ કહ્યું, એક દિવસે મનુષ્ય ત્યાં પણ પહોંચી શકે છે. આમ ઘણી સલાહો પ્રભુને મળી. ત્યારે છેલ્લે એક દેવતાએ કહ્યું, 'પ્રભુ, તમે મનુષ્યના હૃદયમાં બેસી જાવ. મનુષ્ય બહાર બધે તમને શોધશે, પણ પોતાના હૃદયમાં ક્યારેય નહીં શોધે.' ભગવાનને આ સલાહ પસંદ પડી અને પ્રભુએ મનુષ્યના હૃદયને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. ત્યારથી મનુષ્ય પોતાનાં દુઃખડાં માટે ઈશ્વરને બાહ્ય જગતમાં શોધતો રહે છે પણ મળતા નથી, પરંતુ મનુષ્ય ક્યારેય હૃદયરૂપી મંદિરમાં બેઠેલા ઈશ્વરનો અનુભવ કરતો નથી. મહાભારતએ આર્ય સંસ્કૃતિ અને ભારતીય સનાતન ધર્મનો એક મહાન ગ્રંથ છે અને અમૂલ્ય રત્નોનો એક મહાન ભંડાર છે. ભગવાન વેદ વ્યાસ પોતે કહે છે કે આ મહાભારતમાં મેં વેદોના રહસ્યો અને વિગત, ઉપનિષદોનો સંપૂર્ણ સાર, ઈતિહાસ, પુરાણોની પ્રકૃતિ અને પ્રકૃતિ, ચાતુર્વર્ણ્યના નિયમો, પુરાણોનો અર્થ, વેદોની વિશાળતા સમજાવી છે. ગ્રહ-નક્ષત્ર-નક્ષત્ર વગેરે, ન્યાય, શિક્ષણ, ચિકિત્સા, દાન, પશુપત (અંતર્યામીનો મહિમા), તીર્થયાત્રાઓ, પુણ્યશાળી દેશો, નદીઓ, પર્વતો, જંગલો અને સમુદ્રોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. તેથી મહાભારત એ મહાકાવ્ય, વિશિષ્ટ જ્ઞાન-વિજ્ઞાન, શાસ્ત્ર, રાજકીય ફિલસૂફી, કર્મયોગ ફિલસૂફી, ભક્તિ વિજ્ઞાન, આધ્યાત્મિક વિજ્ઞાન, આર્યજાતિક ઈતિહાસ અને શાસ્ત્રોનો વ્યાપક સંગ્રહ છે.

# શું પ્રયાસમાં આપણે બહુમૂલ્ય સમયની સાથે પોતાની ઊર્જા પણ વ્યર્થ કરીએ છીએ?



જીવન કોઈના વ્યક્તિગત નિયમથી નથી ચાલતું અને પોતાના પ્રાકૃતિક નિયમથી સંચાલિત થાય છે. જીવનમાં કેટલીય વાર એવું થાયછે કે આપણે જે વસ્તુ કે ઉપલબ્ધિને બહુ તીવ્ર ઈચ્છાથી ચાહીએ છીએ તે આપણને નથી મળતી તો પછી આપણે તેને બળપૂર્વક પામવાની ચેષ્ટા કરવા લાગીએ છીએ. આ મનુષ્યની બહુ મોટી ભૂલ હોય છે, કારણ કે આ પ્રયાસમાં આપણે આપણા બહુમૂલ્ય સમયની સાથે સાથે પોતાની ઊર્જા પણ વ્યર્થ બરબાદ કરી દઈએ છીએ. આ પ્રકારે વ્યક્તિ પોતાના મનને ઢગલાબંધ નકારાત્મકતાથી ભરી દે છે. આ વાતને લઈને આપણી સમજ જેટલી સ્પષ્ટ હશે, આપણું જીવન એટલું જ બહેતર થશે કે પ્રકૃતિના પ્રત્યેક પાસા પર આપણું નિયંત્રણ ન હોઈ શકે. ક્યારેક-ક્યારેક પ્રકૃતિ એ ઈચ્છે છે કે આપણા જીવન અને મનમાં કોઈ ખાલીપણું રહે, જેથી તે યોગ્ય સમય આવ્યે એ ખાલીપણામાં કોઈ યોગ્ય રચના કરીને તેને ભરી શકાય. યાદ રહે કે ખાલી કેનવાસ પર જ એક સુંદર ચિત્ર દોરી શકાય છે. ખાલી દિમાગ કે મન શેતાનનું ઘર હોય છે, પંતુ એ ત્યારે થાય છે જ્યારે આપણે એ ખાલીપણાને સંભાળવાનું ન જાણતા હોય. ઉદ્વિગ્ન મન કે બહુ બધી નકારાત્મકતાથી ભરેલા મનની સાથે આપણે આફણી પ્રગતિમાં પોતે જ અડચણ બની જઈએ છીએ. આપણે એ વાત પર ધ્યાન આપવાની જરૂર છે કે આપણે અનંતની ચાહમાં ગૂંચવાતા જઈએ છીએ અને પછી મનને શૂન્ય કરવાનું ભૂલી જઈએ છીએ. જ્યારે અનંતનો માર્ગ પણ શૂન્યથી થઈને જ પસાર થાય છે. આધ્યાત્મિક માર્ગ પણ ખુદને ખાલી કરવા પર જ ભાર મૂકે છે જેથી ઈશ્વરની અનંત ઊર્જાથી એ ખાલીપણાને ભરી શકાય. મનના ખાલીપણા સંબંધે ચાણક્યએ કહ્યું હતું કે વિવેકશીલ વ્યક્તિ પોતાના મનને ખાલી રાખે છે. એક બુદ્ધિમાન વ્યક્તિ પોતાના મનને વ્યર્થની ચીજોથી ખાલી રાખે છે, જેથી તેમાં જ્ઞાન અને સચ્ચાઈનો નિવાસ થઈ શકે. જે રીતે ખાલી દિમાગ શેતાનનું ઘર હોય છે એ જ રીતે નકામા પડી રહેલા પૈસા પણ શેતાન જેવા હોય છે. ક્યારેક લોકો પાસે ઘણા પૈસા પડી રહ્યા હોય અને અચાનક તેનો ઉપયોગ કરવાનું મન થાય ત્યારે વધુપડતું વળતર આપતા કે ઝડપી વળતર આપતા માર્ગે રોકાણ કરવામાં આવે છે, જે સમાજ માટે ઘાતક હોઈ શકે છે. થોડા વખત પહેલાં આપણા જ દેશના એક ખ્યાતનામ રમતવીરનું નામ રોકાણકારોનાં નાણાં છ મહિનામાં બમણાં કરવાના કૌભાંડમાં બહાર આવ્યું હતું. ખેતીના નામે લોકો પાસેથી નાણાં એકઠાં કરવામાં આવ્યાં હતાં. એ યોજનામાં લઘુતમ ૫૦ લાખ રૂપિયાનું રોકાણ કરવાનું હતું. તેમાં ઘણા શ્રીમંતોએ રોકાણ કર્યું હતું. તેમનું ધન એમ ને એમ પડી રહ્યું હતું તેથી તેમણે આવી યોજનામાં રોકાણ કર્યું હતું. કૌભાંડ છતું થયા બાદ એ રમતવીરને કેદ પણ થઈ હતી. "લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે" એ આપણી જાણીતી કહેવતનું આ ઉદાહરણ છે. અમુક લોકો રોકાણ માટેની વિચિત્ર યોજનાઓ ઘડતા હોય છે. અમેરિકામાં અનેક કૂટણખાનાંની માલિકી ધરાવતા ડેનિસ હોફે એક વખત ટીવી ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે એ પોતાના કૂટણખાનાંના બિઝનેસનો આઈપીઓ લાવવા માગે છે. ઘણા લોકોએ આ ઈસ્યૂમાં રોકાણ કરવામાં રસ દાખવ્યો હતો. આવા રોકાણને કોઈ કાળે નૈતિક રોકાણ કહી શકાય નહીં. ઉક્ત સંહિતામાં નૈતિકપણે ધન કમાવા પર અને નૈતિકપણે રોકાણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**૧૬ થી ૧૯ વર્ષની આયુમાં યુવક હોય કે યુવતી એનાં માનવીય આંખમાં સફળતા મેળવી આકાશમાં ઉડવાનું સ્વપ્ન પણ હોય છે!**

# પાપા કહેતે હૈ બડા નામ કરેગા!! સમય બદલાય ગયો છે! એટલે એક નવાં નજરિયાથી વિચારીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પાપા કહે છે કે મારો દીકરો બહુ મોટું નામ કમાશે! એવું જીવનમા બહુ મોટું કામ કરી અને નામ કમાશે! પણ એ તો કોઈ જાણતું નથી કે મારે શું કરવું છે અથવા કોઈ એન્જિનિયર બની એનું કામ કરશે, કોઈ બિઝનેસમાં પોતાનું નામ કરશે એટલે કે પોતે કરેલો બિઝનેસ સફળ થશે, પણ કોઈ મારા મનની વાત જાણતું નથી કે એની મંઝિલ શું છે ક્યાં છે?**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દેશભરમાં અત્યારે પરિણામોને લઈને એનાલિસિસ થઈ રહ્યું છે, અને લોકસભામાં નવી સરકાર રચવા વડાપ્રધાને રાષ્ટ્રપતિને રાજીનામું પણ આપી દીધું છે. પરંતુ આપણે કયાં મંત્રીને કયું પદ મળશે? એ તર્કમાં જવું નથી, પણ પરિણામોની વાત કરી રહ્યાં છીએ, તો અત્યારે બારમા ધોરણનાં પરિણામોને લઈને જે વિદ્યાર્થીઓ સારા ગુણાંક સાથે પાસ થયાં, એ પરિવારોમાં અત્યંત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, અને દરેક માતા પિતા પોતાના સંતાનના ઉચ્ચ ભવિષ્યનાં સ્વપ્નો જુવે છે. ૧૬ થી ૧૯ વર્ષની આયુમાં યુવક હોય કે યુવતી એનાં માનવીય શરીરમાં કેટલાય બદલાવો થતા હોય છે! અને એની આંખમાં સફળતા મેળવી આકાશમાં ઉડવાનું સ્વપ્ન પણ હોય છે! લગભગ દરેકે દરેક પોતાના જીવન કે સમાજમાં પડઘાતા અમુક પ્રશ્નોથી વિચલિત હોય છે, અને એને સમયના દોરને બદલવો હોય છે. એટલે એમ કહોને કે એક અનોખું સાહસ પણ મનમાં થનગનતું હોય છે. ઉપરથી વિજાતીય આકર્ષણ પણ એના જીવનને વિવિધ પ્રકારની ફેન્ટસીથી ભરી રહ્યું હોય છે, જે કલ્પનાની દુનિયા એની માટે બહુ આલ્હાદક હોય છે. આ અનોખી કલ્પના અનોખી ફીલિંગ એને કોઈને કોઈને કહેવી હોય છે, માટે તે પોતાના મિત્રનો સાથ વધુ ઈચ્છતા હોય છે! અને આવા મિત્રો મળે ત્યારે તે પોતાના દિલની વાત કરતાં હોય છે, તો આવા જ ભાવને લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

**પાપા કહતે હૈં બડા નામ કરેગા,**
**બેટા હમારા ઐસા કામ કરેગા,**
**મગર યે તો, કોઈ ના જાને,**
**કે મેરી મંઝિલ હૈ કહાઁ ૧)**

પાપા કહે છે કે મારો દીકરો બહુ મોટું નામ કમાશે! એવું જીવનમા બહુ મોટું કામ કરી અને નામ કમાશે! પણ એ તો કોઈ જાણતું નથી કે મારે શું કરવું છે અથવા તો મારી મંઝિલ શું છે? અને ક્યાં છે?



**બૈઠે હૈં મિલકે, સબ યાર અપને,**
**સબકે દિલોં મેં, અરમાં યે હૈ**
**વો જીન્દગી મેં, કલ ક્યા બનેગા,**
**હર ઇક નજર કા, સપના યે હૈ**

કેટલા બધા પોતાના મિત્રો બેઠા છે, અને દરેકના દિલમાં પોતાના આગળના જીવન માટે કંઈક જુદા જુદા અરમાન હશે કે કે એ પોતાની જિંદગીમાં કાલે શું બનીને નામ કમાશે! દરેકને પોતાની નજરથી જિંદગી જોવી છે અને કંડારવી છે, દરેકનું કોઈને કોઈ સપનું પણ હશે!

**કોઈ ઈન્જીનિયર કા કામ કરેગા,**
**બિઝનેસ મેં કોઈ અપના નામ**
**કરેગા,**
**મગર યે તો કોઈ ના જાને**
**મેરી મંઝિલ હૈ કહાં... ૨)**

આ બધા મારા મિત્રો બેઠા છે એમાંથી કોઈ એન્જિનિયર બની એનું કામ કરશે, કોઈ બિઝનેસમાં પોતાનું નામ કરશે એટલે કે પોતે કરેલો બિઝનેસ સફળ થશે, પણ કોઈ મારા મનની વાત જાણતું નથી કે એની મંઝિલ શું છે? ક્યાં છે?

**મેરા તો સપના હૈ એક ચેહરા,**
**દેખે જો ઉસકો, ઝૂમે બહાર,**
**ગાલોં મેં ખિલતી, કલિયોં કા**
**મૌસમ,**
**આઁખોં મેં જાદૂ, હોઠોં મેં પ્યાર,**
**બન્દા યે ખૂબસૂરત કામ કરેગા,**
**દિલ કી દુનિયા મેં અપના નામ**
**કરેગા,**
**મગર યે તો કોઈ ના જાને,**
**મેરી મંઝિલ હૈ કહાં!**

મારું તો સપનું છે કે, એક એવો ચહેરો મને જીવનમાં મળી જાય, કે એને હું જોઉં અને મારા જીવનમાં બહાર આવી જાય, એના ગાલોમાં ખીલતા હાસ્યમાં ઉઘડતી કળીની મોસમ હોય. આંખોમાં જાણે જાદુ હોય, હોઠ ઉપર પ્રેમ હોય, બસ એવા કોઈ ચહેરાની તલાશ છે, અને હું દિલની દુનિયામાં એવું નામ કરવા માંગું છું, આ ખૂબસૂરત ચહેરા સાથે ખૂબસૂરતીને માણવાનું હું કામ કરવા માગું છું. ૧૯૮૮ માં બનેલી કયામત સે કયામત નામની ફિલ્મનું આ ગીત છે, અને ફિલ્મના આ ગીતમા અમીરખાન જુહી ચાવલાએ અભિનય કર્યો છે, સંગીતકાર આનંદ મિલિંદ છે, શબ્દો મઝરુહમ સુલતાન પૂરીના છે અને આ ગીતને ઉદીત નારાયણ એ ગાયું છે. આ ફિલ્મ મેં જોઈ છે, અને બે યુવા દિલોની એક થવાની તમન્ના વાળા ને એના પરિવારો કેવી કેવી મુસિબતોમાં મુકે છે, એની પર ફિલ્મ છે. આ ગીત પણ કોલેજના છેલ્લા દિવસે પોતાના મિત્રો સાથે પોતાની લાગણીની વહેંચણી કરવા માટે ગવાયું હોય છે. ૧૯૮૮ અને ૨૦૨૪ એટલે સમયનો આ ગાળો બહુ લાંબો છે, અને એમાં બદલાવ પણ ઘણા આવી ગયા છે. મોટાભાગના માતા-પિતાઓ સંતાનની પસંદને સ્વીકારી લેતા હોય છે. એટલે આપણે ફિલ્મમાં બતાવાયેલા રુઢિચુસ્તતા નાં એ દોરની વાત બિલકુલ કરવાની નથી, જોકે સુધરેલા સમાજમાં પણ જૂની અદાવતમાં આવાં લોહિયાળ જંગ ખેલાતા હોય છે, જે આપણે જાણીએ જ છીએ. પણ ઉલટાનું મારું માનવું છે કે આ ફિલ્મ અને આ સોંગ યુવક યુવતીને બતાવી અને કહેવાવું જોઈએ કે, તમારી આ ફીલિંગ ને અમે સમજીએ છીએ, અને એને પૂરેપૂરો ન્યાય મળશે! પરંતુ અત્યારે તમારો આ પિરિયડ કેરિયર બનાવવા માટેનો છે, તો એની તરફ વધુ ધ્યાન આપીને, જીવનમાં કંઈક એવું લક્ષ સિદ્ધ કરો કે જેનાથી માત્ર અમને નહીં પણ આગળ જઈને તમને પોતાને પણ ગર્વ થાય. ગીતનાં શબ્દો ખૂબ જ સીધાસાદા છે, અને યુવક પોતાના મિત્રોને કહી રહ્યો છે કે પપ્પાની ઈચ્છા છે કે હું એવું કંઈક કામ કરું અને બહુ મોટું નામ કરું! અને લગભગ મોટાભાગના માતા પિતાની આવી જ ઈચ્છા હોય, કે પોતાનું સંતાન ભણી ગણીને ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી પ્રસિદ્ધિ પામે. શિક્ષણની રીતે આજે દરેકે દરેક વિષયમાં ખૂબ જ બધી શાખાઓ ખુલી છે. એન્જિનિયરમાં પણ પહેલા જે ચાર પાંચ જાતના એન્જિનિયરો થતા હતાં, એમાં હવે ખૂબ બધી શાખાઓ થઈ ગઈ છે. બિઝનેસની વાત કરીએ તો બિઝનેસમાં પણ નાનામાં નાની વસ્તુથી શરૂ કરીને કેટલી એ પ્રકારના બિઝનેસ થતા હોય છે. તો અન્ય શિક્ષણ એટલે કે મેડિકલ,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શિક્ષક માટે બીએડ એમએ અને ફાર્મસી કે પછી આર્ટસ માં પણ ઘણુંય... એમ શિક્ષણનો ખૂબ મોટો વ્યાપ વધી ગયો છે, અને એને લઈને આ ઉંમરમાં યુવક યુવતીઓ મોટેભાગે ઘરથી બહાર રહીને જ ભણતા હોય છે, એટલે એની માટે હવે આ વિજાતીય આકર્ષણનો ભાવ છુપાવવો, કે કોઈની સાથે વહેંચવો, એ બહુ અઘરું નથી. ઉપરથી આજકાલની જનરેશન કો એજ્યુકેશનમાં ભણ્યા હોય, ટ્યુશનમાં ગયા હોય, કે પછી માતા પિતા બંને વર્કિંગ હોય તો એ સમયે ગાળા દરમિયાન અન્ય રીતે ફ્રેન્ડશીપ થાય, એટલે એ મેટર એટલું મહત્વનું પણ રહેતું નથી! આ સ્પર્ધાત્મક યુગમાં એ પોતે ટકી રહેવા માટે ભણવું પડશે, અથવા તો ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવી પડશે, એ વિષે પણ જ્ઞાત હોય છે. કોઈ પ્રકારની નિરાશામાં ઘેરાય નહીં એટલે ઘણાં યુવક યુવતીઓ એનજીઓમાં મોટીવેશનલ કાર્ય પણ કરતા હોય છે. ટૂંકમાં એની માટે હવે જીવવાના માયના બદલાઈ ગયાં છે! અને છતાં કોઈને કોઈ કારણથી વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ પણ વધી રહ્યું છે, જે એક પડકાર જનક વાત છે! આ ગીતથી કહેવાનો મતલબ એટલો જ છે, કે એ ઉંમર અને એ નાજુક સમય જો માતાપિતા તરફથી સચવાઈ જાય, કોઈપણ પ્રકારનુ પ્રેશર નાંખે, તો વિદ્યાર્થી આગળનાં જીવનમાં ખરેખર બહુ મોટું નામ કરે છે. પુરા વિશ્વનો વિદ્યાર્થી સકારાત્મક અભિગમ કેળવી પોતાના જીવનમાં નક્કી કરેલાં લક્ષ સુધી પહોંચી શકે, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ધર્મ જ જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા, ઉદારતા, આત્મીયતા, સરળતા, સહનશીલતા અને નમ્રતા જેવા દૈવી ગુણો દર્શાવે છે**

# ધર્મ માનવતાની પાઠશાળાનું નામ, અંધ ભક્તિના ધર્મ છે નહિ અંધ વિશ્વાસ! શ્રદ્ધા વીણ વિવેકની કરે ધર્મનો નાશ!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સામાન્ય જીવનમાં કર્મો મનુષ્યને બંધનરૂપ એટલા માટે થાય છે કે મનુષ્યો પોતાનાં કર્મોમાં એટલા બધા આસક્ત હોય છે કે અના સક્ત ભાવે કર્મ થઈ શકે એ ખ્યાલ જ તેમને હોતો નથી, મોટેભાગે લોકો એવું માનતા હોય છે કે આસક્તિ ન હોય તો આનંદ કેવી રીતે મળે? કર્મના સુંદર ફળો ન મળે તો શા માટે મનુષ્ય કામ કરે?**

ક્ષણ ક્ષણ મંગળ જ જાગે, ક્ષણ ક્ષણ સુખ જ હોય! ક્ષણ ક્ષણ નિજના કર્મ પર સાવધાન જો હોય !! ધર્મ માનવ જીવનને મારા અને મારાથી ઉપર ઉઠવા અને દરેક માટે જીવવાની પ્રેરણા આપે છે. ધર્મ જ્યારે વ્યક્તિના જીવનમાં આવે છે ત્યારે તેની સાથે નમ્રતા જેવા અનેક ગુણો પણ લઈને આવે છે. નમ્રતા ધર્મ સાથે એટલી જ સરળતાથી આવે છે જેટલી ફૂલોથી સુગંધ અને સૂર્ય સાથે પ્રકાશ જેમ વાદળો વિના વરસાદ નથી થઈ શકતો, તેવી જ રીતે સદગુણોના અભાવે ધર્મ પણ થઈ શકતો નથી. જીવનમાં જેટલો ધર્મ હશે તેટલો જ વ્યક્તિ માનવતાની નજીક હશે ધર્મ માનવતાની પાઠશાળાનું નામ છે. ધર્મ જ જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા, ઉદારતા આત્મીયતા, સરળતા, સહનશીલતા અને નમ્રતા જેવા દૈવી ગુણો દર્શાવે છે. તેથી જ શાસ્ત્રો ઉપદેશ આપે છે કે ધર્મ વિનાનું જીવન માનવીય મૂલ્યોથી વંચિત પ્રાણી જેવું છે. સામાન્ય જીવનમાં કર્મો મનુષ્યને બંધનરૂપ એટલા માટે થાય છે કે મનુષ્યો પોતાનાં કર્મોમાં એટલા બધા આસક્ત હોય છે કે અના સક્ત ભાવે કર્મ થઈ શકે એ ખ્યાલ જ તેમને હોતો નથી. મોટેભાગે લોકો એવું માનતા હોય છે કે આસક્તિ ન હોય તો આનંદ કેવી રીતે મળે? કર્મના સુંદર ફળો ન મળે તો શા માટે મનુષ્ય કામ કરે? આ વત પણ સાચી છે.

સામાન્ય ભૂમિકામાં તો કર્મની આસક્તિ જ કર્મમાં મનુષ્યોને પ્રેરે છે કેમકે અનાસક્ત ભાવે કર્મો કરવાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તો સામાન્ય ભૂમિકાથી ઉપર જવું જોઈએ. રાજા જનક સમગ્ર મિથિલા રાજ્યમાં એક જ હતા કે જેઓ સમગ્ર રાજ્ય ચલાવતા હતા, સંસાર ચલાવતા હતા અને છતાં બધાથી નિર્લેપ હતા. આટલું વિશાળ રાજ્ય ચલાવવા છતાં તેમનું મન આમાં કયાંય ચોટેલું ન હતું. તેથી તેઓ સર્વ કાર્યોનો મહત્તમ આનંદ લઈ શકતા હતા. કાર્યોનો સાચો આનંદ અનાસક્ત ભાવે કર્મો કરવામાં જ રહેલો છે, એ સામાન્ય ભૂમિકામાં સમજાતું નથી. પણ પ્રયત્ન કરતાં અનાસક્ત ભાવે કર્મ કરવાની સ્થિતિ જરૂર પ્રાપ્ત થઈ શકે છે. એ માટે શરૂઆતમાં કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે 'હે ભગવાન આ કાર્ય તમને અર્પણ કરવા કરું છું. આ કાર્યમાં તમે સહાય કરો" કર્મ પૂરું થયા પછી પણ ભગવાનને અર્પણ કરીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. આ રીતે કરતાં એ કાર્ય પૂરતો તો વ્યક્તિને આનંદ મળે છે તેનો ઉત્સાહ વધે છે.આ રીતે ભગવાનની શક્તિનીઅનુભૂતિ થતાં તેના માટે કાર્ય એ ભગવાન સાથેનો સંપર્ક કરાવનાર માધ્યમ બની રહે છે. આ રીતે કામ કરતાં કરતાં કામમાં એટલો બધો આનંદ મળવા લાગે છે કે આસક્તિ નો આનંદ એની



પાસે સાવ તુચ્છ બની જાય છે. પછી અસલ આનંદની પ્રાપ્તિ થતાં ક્ષણિકને ક્ષુલ્લક આનંદની ઈચ્છા રહેતી જ નથી. આ રીતે મનના વલણને બદલીને ભગવાન માટે જો કાર્યો કરવામાં આવે તો કાર્ય એ જ પૂજા બની જાય છે. શ્રી માતાજીએ કહ્યું છે કે "કાર્ય કરવું એટલે શરીરથી પ્રભુને પ્રાર્થના કરવી." સામાન્ય પ્રાર્થનામાં તો એકલું મન જ જોડાય છે. શરીર તો સ્થિરપણે બેઠેલું હોય છે. પણ જ્યારે વ્યક્તિ પ્રભુને માટે કામ કરે છે, ત્યારે તેના મનમાં તો સતત એ જ ભાવ હોય છે કે" "હું પ્રભુને માટે કામ કરું છું'

મનમાં પ્રભુનું સ્મરણ છે અને શરીર કામ કરે છે એટલે શરીર પણ પ્રભુની પ્રાર્થનામાં જોડાય છે. આ રીતે કામ કરવાથી વ્યક્તિની સમગ્ર ચેતના મનોમય અને શારીરિક, પ્રભુને પ્રાર્થના કરે છે. એટલે માત્ર પ્રાર્થના થી વ્યક્તિની ચેતનાનું જે ઊર્ધ્વ ગમન થાય તેના કરતાં આ રીતે કાર્ય કરવાથી અનેકગણું વધારે ઊર્ધ્વગમન થાય છે. વળી પ્રભુને અર્પણરૂપ કાર્ય થવાથી વિશ્વમાં દિવ્યતાનો વિસ્તાર વધે છે. એટલા પ્રમાણમાં અદિવ્ય પરિ બળો દૂર થતાં વૈશ્વિક જગતમાં આપણું સાવ નાનું એવું કાર્ય પણ ઘણું મોટું પ્રદાન કરનારું બની રહે છે. એ દ્વારા આપણી ચેતનાનું વૈશ્વિક ચેતના સાથે અનુસંધાન થઈ જતાં વૈશ્વિક શક્તિ ઓની બક્ષિસ મળે છે. વળી ભગવાનને માટે કાર્ય કરવામાં આવતું હોઈને, તેમને અર્પણ કરવા માં આવતું હોઈને, ભગવાન પ્રસન્ન થઈ આપણને બઢતી આપેછે,અને એમના વિરાટ કાર્યોની જવાબદારી સોંપે છે, એટલું જ નહીં પણ એમની વિશિષ્ટ શક્તિ ઓથી નવાજે છે.આમ ભગવાન ને અર્પણ રૂપે કાર્ય કરતાં કરતાં આપણે તેમનાં સીધાં માર્ગદર્શન હેઠળ આવી જઈએ છીએ. અને પછી ભગવાન ક્યારે પેલો પરદો હટાવી લે છે, તેની આપણને ખબર પણ પડતી નથી અને આપણે ભગવાનની સન્મુખ જઈ પહોંચીએ છીએ.જો ભગવાન સાથે એકતા અનુભવવી હોય, તેના આનંદને પામવો હોય તો તેમના વિશે જાગૃત થવું પડે છે, અને આ જાગૃતિ એટલે જ્ઞાન. આમ સંપૂર્ણ ભક્તિ આપણને સંપૂર્ણ જ્ઞાનમાં લઈ જાય છે અને સંપૂર્ણ જ્ઞાન આપણને ભગવાનની એકતામાં લઈ જાય છે. ભગવાન પ્રત્યેનો ઉત્કટ પ્રેમ પરિપૂર્ણ થતાં તેનું જ્ઞાન થાય છે. અને જ્ઞાન થતાં પ્રેમ ઉત્કટ બને છે.આમ બંને એક રૂપજ બની જાય છે.આ જ્ઞાન અને ભક્તિમાંથી જન્મે છે, પ્રભુના સંકલ્પ પ્રમાણે થતાં કર્મો. એટલે કે જ્ઞાન અને ભક્તિ કર્મોમાં ચરિતાર્થ થાય છે.જ્ઞાનમાંથી જ પ્રભુના સંકલ્પની જાણ થાય છે. પછી એ સંકલ્પ પ્રમાણે કર્મો સહજ રીતે જ થવા લાગે છે. આ કર્મો ભક્તિ ને રૂંધતા નથી. પણ પ્રભુને માટે કરેલાં કર્મોથી ભક્તિ વધે છે અને જ્ઞાન પણ વધે છે. આ રીતે શરૂઆત કર્મથી કરવામાં આવે તો પણ પ્રભુને અર્પણ રૂપે કર્મ કરતાં કરતાં પ્રભુ પ્રત્યે ભાવ જાગે છે. ભક્તિ વધે છે.

પ્રભુનું જ્ઞાન થાય છે. કર્મ પણ જ્ઞાન અને ભક્તિને પુષ્ટ કરે છે. આમ માર્ગ ગમે તે લેવામાં આવે, પણ આગળ જતાં જ્ઞાન, ભક્તિ અને કર્મ બધું એક જ રાજરસ્તામાં પલટાઈ જાય છે અને પછી તો ભગવાન પોતે જ એમના અદૃશ્ય હાથોથી એ રાજ રસ્તેથી આપણને એમની સમીપ લઈ આવે છે. પરંતુ શરૂઆત તો આપણે જ કરવી પડે.પછી ભલે એ નાની એવી કેડી હોય. પણ સંકલ્પપૂર્વક ચાલવાનું શરૂ કરીશું તો રાજ રસ્તો પણ મળશે અને ભગવાન પણ મળશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે દેશમાં નવી ગઠબંધન સરકાર બનાવવા માટે ભાજપ પોતાનો દાવો રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરે તેવી શક્યતા છે. આંધપ્રદેશના એન ટી રામારાવના જમાઈ એવા એક અડીખમ નેતા ચંદ્રાબાબુ નાયડુ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારનો સહયોગ લઈ એનડીએ પૂર્વ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજી વાર વડા પ્રધાન પદે આરૂઢ કરી સરકાર બનાવશે. કોણ કઈ રીતે રજી રહેશે એ તરફ સતત સૌનું ધ્યાન કેન્દ્રિત રહેશે.આ ગઠબંધન કોના સિધ્ધાંતો નિયમો અનુસાર ચાલશે એ વિશે સતત અવઢવ જ રહેવાનો છતાં દેશની પ્રજાએ આ વખતે લોકશાહીની સુરક્ષા થાય તેવું પરિણામ આપ્યું છે વિરોધપક્ષ મજબૂત તો શાસક પક્ષ છક્કી ન જાય તે રીતે સરકાર બનાવે અને ફક્ત લોકોને મંદિર મસ્જિદ નહી.મોઘવારી ભ્રષ્ટાચાર ભેળસેળ બેરોજગારી જેવા મહત્વના મુદાઓ ધ્યાનમાં રાખીને શાસન કરવું આ શાસક આડાઅવળા જાય તો મજબૂતાઈ થી વિરોધ કરવો..તો શાસક પક્ષને સાથીદારો એવા આપ્યા છે કે જો કોઈ ખોટા નિર્ણય કરે તો તેને અટકાવી શકે. આમ ટુંકમાં કહીએ તો અંધ ભકતોને ખટકે તેવું અને દેશની લોકશાહીની જાળવણી થાય તેવો વહીવટ થાય તેવું પરિણામ આપી ભગવાન શ્રી રામચંદ્રજીની કૃપા વરસી હોય તેવું લાગે છે. દેશની પ્રજાને પાંચ વર્ષ શ્રેષ્ઠ શાસન મળે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

બોમ્બે હાઈકોર્ટની નોટિસ જારી

# અન્નુ કપૂરની ફિલ્મ ‘હમારા બારહ’ની રિલીઝ મોકૂફ કરાઈ



## પહેલા તેનું શીર્ષક ‘હમ દો હમારે બારહ’ હતું, પરંતુ હવે તેને બદલીને ‘હમારે બારહ’ કરવામાં આવ્યું છે

બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે સુનાવણી ૧૦મી જૂનના રોજ નક્કી કરી છે. તમને જણાવી દઈએ કે સોમવારે મેકર્સે જાહેરાત કરી હતી કે સેન્સર બોર્ડની સૂચના પર હવે ફિલ્મનું ટાઈટલ બદલવામાં આવી રહ્યું છે. પહેલા તેનું શીર્ષક ‘હમ દો હમારે બારહ’ હતું, પરંતુ હવે તેને બદલીને ‘હમારે બારહ’ કરવામાં આવ્યું છે.અભિનેતા અન્નુ કપૂર અને પરિતોષ ત્રિપાઠી સ્ટારર ફિલ્મ ‘હમારા બારહ’ને લઈને સતત વિવાદ ચાલી રહ્યો છે. દરમિયાન, સમાચાર આવી રહ્યા છે કે બુધવારે બોમ્બે હાઈકોર્ટે ફિલ્મની રિલીઝને ૧૪ જૂન, ૨૦૨૪ સુધી સ્થગિત કરી દીધી છે. પુણેના એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ફિલ્મ ‘હમારે બારહ’ ૭ જૂને રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેની રિલીઝ ૧૪ જૂન સુધી ટાળી દેવામાં આવી છે.ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ અન્નુ કપૂરને ઘણી ધમકીઓ મળી રહી છે. આ મામલે તેઓ સોમવારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેને પણ મળ્યા હતા. આ ફિલ્મમાં એક ખાસ ધર્મના લોકોની વાર્તા બતાવવામાં આવી રહી છે, જેમાં ધર્મના નામે મહિલાઓ પર અત્યાચાર કરવામાં આવે છે. બાળકો પેદા કરવા માટે તેમના પર દબાણ અને દબાણ કરવામાં આવે છે.અન્નુ કપૂરે મન્સૂર અલી ખાનની ભૂમિકા ભજવી છે, એક મુસ્લિમ વ્યક્તિ જેની પ્રથમ પત્ની બાળકને જન્મ આપતી વખતે મૃત્યુ પામે છે. અને તેની બીજી પત્ની છઠ્ઠી વખત ગર્ભવતી બને છે. ડોક્ટર્સનું કહેવું છે કે તે પ્રેગ્નન્સી દરમિયાન મૃત્યુ પણ પામી શકે છે, ખાને ગર્ભપાત કરાવવાનો ઈનકાર કર્યો હતો. મોટી દીકરી તેની સાવકી માતાને બચાવવા તેના પિતાને કોર્ટમાં લઈ જાય છે. અને માતાના ગર્ભપાતની માંગણી કરે છે. આ વાર્તા પુત્રી અને પિતા વચ્ચે કોર્ટમાં લડાઈની છે.અરજીકર્તા અઝહર તંબોલીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમણે કહ્યું કે આ ફિલ્મ મુસ્લિમ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડે છે. કુરાન પણ ખોટી રીતે બતાવવામાં આવી રહી છે. આ એપ્લિકેશન સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા ફિલ્મને આપવામાં આવેલા પ્રમાણપત્રને પણ પડકારે છે. આ માંગ ઉઠી છે કે આ ફિલ્મને જાહેરમાં રિલીઝ કરવામાં નહીં આવે.ફિલ્મના કેટલાક ડાયલોગ્સ અંગે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ટ્રેલર અને પ્રમોશનલ વીડિયોમાં જે રીતે વસ્તુઓ બતાવવામાં આવી છે તે ખરાબ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મનેં/છ સર્ટિફિકેટ નહીં મળે.એડવોકેટ અદ્વૈત સેઠનાએ કહ્યું- સીબીએફસીને ફિલ્મમાં કેટલાક કટ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ પછી જ આ ફિલ્મ રિલીઝ થઈ શકશે. ફિલ્મનું નિયંત્રણ સીબીએફસી પાસે છે. ટ્રેલર અને પ્રમોશનલ વીડિયો પર તેમનું કોઈ નિયંત્રણ નથી. ફિલ્મના નિર્માતાઓને બોલાવીને ટ્રેલર હટાવીને તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે સુનાવણી ૧૦ જૂનના રોજ નક્કી કરી છે. તમને જણાવી દઈએ કે સોમવારે મેકર્સે જાહેરાત કરી હતી કે સેન્સર બોર્ડની સૂચના પર હવે ફિલ્મનું ટાઈટલ બદલવામાં આવી રહ્યું છે. પહેલા તેનું શીર્ષક ‘હમ દો હમારે બારહ’ હતું, પરંતુ હવે તેને બદલીને ‘હમારે બારહ’ કરવામાં આવ્યું છે.અભિનેતા અન્નુ કપૂરે એક ઈન્ટરવ્યુ દરમિયાન વિરોધ અંગે વાત કરી હતી. અન્નુ કપૂરે વિરોધ કરનારાઓને કહ્યું, ‘ભાઈ, ફિલ્મ જુઓ. તે પછી તમારો અભિપ્રાય બનાવો. જાતે બોસ બનવાનો પ્રયાસ કરશો નહીં.

# દીપિકા ચિખલિયા નથી ઈચ્છતી કે રણબીરની ‘રામાયણ’ બને



## મને નથી લાગતું કે લોકોએ વારંવાર રામાયણ બનાવવું જોઈએ કારણ કે જ્યારે પણ તેઓ તેને બનાવે છે, તેઓ કંઈક નવું લાવવા માંગે છે

બોલિવૂડ એક્ટર રણબીર કપૂર સ્ટારર રામાયણને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. ચાહકો ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે, પરંતુ એવું લાગે છે કે કેટલાક આ બહુપ્રતિક્ષિત પ્રોજેક્ટથી નારાજ પણ છે. ફિલ્મ બની તે પહેલા જ તેની સામે વાંધો ઉઠાવવાનું શરૂ થઈ ગયું છે. રામાનંદ સાગરના રામાયણ શો ફેમ દીપિકા ચિખલિયાનું કહેવું છે કે આ ફિલ્મ ન બનવી જોઈએ.દીપિકા ચિખલિયાએ ઈન્ડિયા ટુડે સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. દીપિકાના કહેવા પ્રમાણે, રામાયણને વારંવાર બનાવવી યોગ્ય નથી. તેણીએ એમ પણ કહ્યું કે તેણીએ ખૂબ જ સુંદરતાથી એ હકીકત સ્વીકારી છે કે લોકો તેણીને સીતા માતા તરીકે પૂજે છે.દીપિકાએ નીતિશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી રામાયણ પર સવાલ ઉઠાવ્યા અને નિરાશા વ્યક્ત કરી. અભિનેત્રીએ કહ્યું- સાચું કહું તો હું એવા લોકોથી ખૂબ જ નિરાશ છું જેઓ રામાયણ બનાવતા રહે છે કારણ કે મને નથી લાગતું કે તમારે આવું કરવું જોઈએ. લોકો તેમાં ગડબડ કરી રહ્યા છે. મને નથી લાગતું કે લોકોએ વારંવાર રામાયણ બનાવવું જોઈએ કારણ કે જ્યારે પણ તેઓ તેને બનાવે છે, ત્યારે તેઓ કંઈક નવું લાવવા માંગે છે. એક નવી વાર્તા, નવો એંગલ, નવો દેખાવ.દીપિકાએ આગળ કહ્યું- આદિપુરુષમાં કૃતિ સેનનની જેમ, તેણે ગુલાબી રંગની સાટિન સાડી પસંદ કરી. તેણે આદિપુરુષમાં રાવણની ભૂમિકા ભજવનાર સૈફ અલી ખાનને એક અલગ લુક આપ્યો, કારણ કે તે કંઈક અલગ રચનાત્મક રીતે કરવા માંગતો હતો. પણ પછી તમે જે પણ કરો છો, તમે રામાયણની આખી અસર બગાડી રહ્યા છો.પોતાનો વાંધો નોંધાવતા દીપિકાએ કહ્યું- ધાર્મિક ગ્રંથો સાથે છેડછાડ ન થવી જોઈએ. મને નથી લાગતું કે આવું કરીને તેને બાજુ પર મૂકી દેવો જોઈએ. આ ન કર. રામાયણ સિવાય પણ ઘણી વાર્તાઓ છે જેના વિશે વાત કરી શકાય છે. ઘણા સ્વાતંર્ત્ય સેનાનીઓ છે, તેમના વિશે વાત કરો. આવી ઘણી વાર્તાઓ છે જેના વિશે વાત કરી શકાય છે. ઈતિહાસમાં આઝાદી માટે બહાદુરીથી લડનારા ન ગાયબ નાયકો વિશે. માત્ર રામાયણ જ શા માટે? રામાનંદ સાગરની રામાયણમાં દીપિકા ચિખલિયાએ સીતાનું પાત્ર ભજવ્યું હતું. આજે પણ લોકો તેમની આ રૂપમાં પૂજા કરે છે.

### શા માટે ધાર્મિક ગ્રંથો સાથે છેડછાડ :દીપિકા

તેના પર પ્રતિક્રિયા આપતા દીપિકાએ કહ્યું- હા. શું થયું, હું અયોધ્યા જઈ રહ્યો હતો અને લોકો ખૂબ જ ઉત્સાહિત હતા. મેં બહુ શાલીનતા અને નમ્રતાથી સ્વીકાર્યું છે કે જો લોકો મને સીતા માને છે તો હું સીતા છું.દીપિકાએ શો રામાયણના ઓડિશનને પણ યાદ કર્યું અને કહ્યું કે- હું રામાનંદ સાગર સાથે કામ કરતી હતી અને અમે ઓડિશન આપ્યું હતું. તે હંમેશા મારા વિશે વિચારતો હતો, પરંતુ તે ઈચ્છતો હતો કે હું ઓડિશન આપું કારણ કે તે તેની શંકા દૂર કરવા માંગતો હતો. તેઓ સમજી ગયા કે હું જ યોગ્ય પસંદગી છું. અને પછી આખરે હા પાડી. તેણે કહ્યું, ‘હું ક્યારેય તમારા કરતાં વધુ સારો કોઈ શોધી શકવાનો નથી, તે એટલું સરળ હતું.’દીપિકા ચિખલિયા હાલમાં ‘ધરતીપુત્ર નંદિની’માં માતાની ભૂમિકા ભજવી રહી છે. તે આ સિરિયલની નિર્માતા પણ છે. જો નીતિશ તિવારીની રામાયણ ફિલ્મની વાત કરીએ તો તેનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. ફિલ્મમાં રણબીર કપૂર રામનું પાત્ર ભજવી રહ્યો છે જ્યારે સાઉથની અભિનેત્રી સાઈ પલ્લવી સીતાનો રોલ કરી રહી છે.



# ફિલ્મ કરતાં સિતારાઓ પર વધારે ખર્ચ કરવામાં આવે છે

## લોકોએ એક વાત સમજવાની છે કે જ્યારે આપણે ફિલ્મ બનાવીએ છીએ ત્યારે આપણે કામ કરીએ છીએ, કંઈક બનાવીએ છીએ



તાજેતરના ભૂતકાળમાં ફ્લોપ થયેલી મોટા બજેટની ફિલ્મો વિશે વાત કરતાં અનુરાગે કહ્યું, ‘હવે લોકો માત્ર ફિલ્મો પર જ ખર્ચ કરતા નથી. લોકોએ એક વાત સમજવાની છે કે જ્યારે આપણે ફિલ્મ બનાવીએ છીએ ત્યારે આપણે કામ કરીએ છીએ, કંઈક બનાવીએ છીએ. આ રજા નથી, આ પિકનિક નથી. બોલિવૂડ ફિલ્મમેકર અનુરાગ કશ્યપ હંમેશા પોતાના મનની વાત નીડરતાથી કરવા માટે જાણીતા છે. હવે અનુરાગે મોટી ફિલ્મો મોટી ફ્લોપ બનવાની વાત કરી છે. આ દિવસોમાં બોલિવૂડમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ફિલ્મોમાં સ્ટાર્સનો ખર્ચ એટલો વધી જાય છે કે બજેટ વધી જાય છે અને ફિલ્મો જરૂર કરતાં વધુ મોંઘી થઈ જાય છે. આ વિશે પોતાનો અભિપ્રાય આપતા અનુરાગ કશ્યપે બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહેલી મોટા બજેટની ફિલ્મો વિશે વાત કરી, તેણે એમ પણ કહ્યું કે આ માટેનો સંપૂર્ણ દોષ અભિનેતાઓના ઉચ્ચ જાળવણી સેટઅપ અને તેમની માંગણીઓને આપવો જોઈએ. અનુરાગે તો ત્યાં સુધી કહ્યું કે ફિલ્મોના પ્રોડક્શન બજેટ પર એટલો ખર્ચ નથી થતો જેટલો સ્ટાર્સની ડિમાન્ડ પૂરી કરવા માટે ખર્ચવામાં આવે છે. હ્યુમન્સ ઑફ સિનેમા સાથેની વાતચીતમાં અનુરાહ કશ્યપે કહ્યું, ‘મેં મારા સેટ પર આટલી વેનિટી વાન ક્યારેય જોઈ નથી જેટલી સેક્રેડ ગેમ્સ દરમિયાન જોવા મળી હતી... આ સંસ્કૃતિ આ રીતે શરૂ થઈ હતી. પછી તમે આમાંથી પાછા ન જઈ શકો. આખરે, એવા લોકોને પૈસા ચૂકવવાનું શરૂ થયું જેમને અગાઉ સંપૂર્ણપણે અવગણવામાં આવ્યા હતા, એટલે કે, ટેકનિકલ ક્રૂ... એક રીતે, તે બધા જ છે. પરંતુ ઘણી બધી વધારાની વસ્તુઓ આવવા લાગી. તાજેતરના ભૂતકાળમાં ફ્લોપ થયેલી મોટા બજેટની ફિલ્મો વિશે વાત કરતાં અનુરાગે કહ્યું, ‘હવે લોકો માત્ર ફિલ્મો પર જ ખર્ચ કરતા નથી. લોકોએ એક વાત સમજવાની છે કે જ્યારે આપણે ફિલ્મ બનાવીએ છીએ ત્યારે આપણે કામ કરીએ છીએ, કંઈક બનાવીએ છીએ. આ રજા નથી, આ પિકનિક નથી. જે પૈસા ખર્ચવામાં આવે છે તેમાંથી ઘણા બધા પૈસા ફિલ્મ બનાવવામાં જતા નથી. જે પૈસા બહારની વસ્તુઓ પર ખર્ચવામાં આવે છે, તે બધા અભિનેતાઓના બિલ્સમાં જાય છે. તમે જંગલની વચ્ચે શૂટિંગ કરી રહ્યાં છો, પરંતુ તમને જોઈતું ૫-સ્ટાર બર્ગર લાવવા માટે ત્રણ કલાક દૂર એક કાર મોકલવામાં આવશે.’ અનુરાગ કશ્યપે હાલમાં જ પોતાની નવી ફિલ્મની જાહેરાત કરી છે.

# જ્યારે સાઉથ ડિરેક્ટરે એક્ટ્રેસ સામે મૂકી આવી શરત, જાણો પછી શું થયું?

ફિલ્મો અને ટીવીમાં પોતાની ઓળખ બનાવી ચૂકેલી અભિનેત્રી મીતા વશિષ્ઠની દરેક ભૂમિકામાં અલગ અંદાજ છે. ક્યારેક તે ખૂબ જ અઘરા અંદાજમાં જોવા મળે છે તો ક્યારેક તેને બોલ્ડ રોલ કરીને બધાને ચોંકાવી દીધા છે. તે લાંબા સમયથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનો દબદબો જાળવી રહ્યો છે. મીતાએ ફિલ્મો, ટીવી અને વેબ સિરીઝમાં પણ સારું કામ કર્યું છે, પરંતુ અહીં સુધી પહોંચવા માટે તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. મીતા પોતાના દમ પર છે, તેને ઈન્ડસ્ટ્રીમાં કોઈ સપોર્ટ નથી. તેમને આ દુનિયામાં બહારના વ્યક્તિ તરીકે પ્રવેશ કર્યો અને ૫૬ વર્ષની ઉંમરે પણ ઈન્ડસ્ટ્રી પર તેમની પકડ અકબંધ છે. મીતાએ પોતાના એક ઈન્ટરવ્યુમાં એક એવી ઘટના શેર કરી જે જાણીને કોઈ પણ ચોંકી જશે. એક ડિરેક્ટરે તેની સામે એક અજીબ શરત મૂકી હતી અને તે એ હતી કે એક્ટ્રેસને કામ માટે બે મહિના તેની સાથે રહેવું પડ્યું હતું. બોલિવૂડ હંગામાને આપેલા ઈન્ટરવ્યુમાં મીતાએ આ અનુભવ વિશે જણાવ્યું. તેને કહ્યું કે દક્ષિણના એક ફિલ્મ નિર્દેશકે તેની ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે તેનો સંપર્ક કર્યો હતો. બંનેની મુલાકાત ચેન્નાઈમાં થઈ હતી અને ફિલ્મની ઑફર મળતાં તે ખૂબ જ ખુશ હતી. અભિનેત્રીએ જણાવ્યું કે તે કોઈ નાની દિગ્દર્શક નથી, તેને અગાઉ સ્મિતા પાટીલ જેવી અભિનેત્રી સાથે કામ કર્યું હતું, પરંતુ તેને જે શરત મૂકી તે ખૂબ જ આશ્ચર્યજનક હતી. મીતાએ કહ્યું, “દિગ્દર્શકે શરત રાખી હતી કે મારે બે મહિના તેમની સાથે રહેવું જોઈએ.” તેઓ કોઈ સામાન્ય દિગ્દર્શક ન હતા, પરંતુ એવોર્ડ વિજેતા દિગ્દર્શક હતા. જ્યારે મીતાએ તેની સ્થિતિ સાંભળી, ત્યારે તે ગુસ્સે થઈ ગઈ અને તેને ડિરેક્ટરને ફટકાર લગાવી. તેને કહ્યું, “આ શું બકવાસ છે? તમારો રોલ તમારી સાથે રાખો અને અહીંથી ચાલ્યા જાઓ.”



ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’ના આગામી એપિસોડનો પ્રોમો આવી ગયો છે

# કપિલ શર્મા બન્યો સાસુ, સાનિયા મિર્ઝા વહુ બની



‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’ના આગામી એપિસોડનો પ્રોમો આવી ગયો છે. આ અઠવાડિયે સ્પોર્ટ્સ જગતની ત્રણ મોટી હસ્તીઓ ધ કપિલ શર્મા શોમાં આવવાની છે. આ હસ્તીઓમાં ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા, બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલ અને બોક્સર મેરી કોમનો સમાવેશ થાય છે. પ્રોમોમાં સાઈના, સાનિયા અને મેરી ત્રણેય પોતાની આગવી સ્ટાઈલથી શોની સુંદરતામાં વધારો કરતી જોવા મળી હતી. પ્રોમોની શરૂઆતમાં, કપિલ શર્મા, સાનિયા, સાયના અને મેરી ત્રણેયનું ભવ્ય રીતે સ્વાગત કરે છે. આ પછી સુનીલ ગ્રોવર આવે છે. તે કહે છે- લાગે છે કે બે-ચાર હિરોઈન આવી ગઈ છે. તેના પર કપિલ કહે છે કે તે કોઈ હિરોઈન નથી, તે સ્પોર્ટ્સથી છે. ત્યારે સુનીલ કહે છે કે તે દેશની હિરોઈન છે. જ્યારે કપિલ કહે છે કે મેરી, તું પહેલીવાર આવી છે. એક સમયે એક પંચ. આ પછી મેરીએ કોમેડિયન રાજીવ ઠાકુર અને કૃષ્ણા અભિષેકને જોરદાર મુક્કાથી પછાડી દીધા. કપિલે મેરીને પૂછ્યું કે જે છોકરીઓ બોક્સર છે તેમના પતિ ખૂબ જ સીધા હોય છે. તેઓ પહેલેથી જ આના જેવા છે, અથવા તેઓ પછીથી આના જેવા બની જશે. આના પર સાનિયા કહે છે કે આવું તો થવું જ છે. સાઈનાએ કહ્યું કે તેની માતા જર્મન ટેનિસ ખેલાડીની મોટી ફેન છે. હું બે મહિના સુધી બેડમિન્ટન રમ્યો, ત્યાર બાદ મારી માતાએ કહ્યું કે મારે ટેનિસ રમવું છે. તેમાં વધુ પૈસા છે. સાઈનાની વાત સાંભળીને બધાનું હસવાનું બંધ થઈ જાય છે. પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકથી છૂટાછેડા લીધા બાદ આ પહેલીવાર છે જ્યારે સાનિયા કોઈ શોમાં જોવા મળશે. વાત કરતી વખતે સાનિયા કોમેડી શોમાં પોતાના દિલની વાત કહેતી જોવા મળી હતી. કપિલ સાનિયાને કહે છે કે શાહરૂખ ખાને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે જો સાનિયા પર બાયોપિક બને છે તો હું તેમાં લવ ઈન્ટરેસ્ટનો રોલ કરવા ઈચ્છીશ. તેના પર સાનિયા કહે છે કે પહેલા મારે લવ ઈન્ટરેસ્ટ શોધવો પડશે. મેરી કોમ અને કપિલ શર્મા આ વાત પર જોર જોરથી હસવા લાગે છે. કપિલે સાનિયાને પૂછ્યું કે જો તમે આટલું સોનું ખરીદો છો, તો જ્યારે પણ તમે બહાર જાઓ છો, ત્યારે તમારે બધા ઘરેણાં પહેરવા જ જોઈએ. સાનિયા કહે છે કે ના, અમે ફક્ત ગોલ્ડ મેડલ પહેરીને જ જઈએ છીએ. શું તમે પાગલ છો? પછી સાનિયા તેના ગળામાં દુપટ્ટો બાંધે છે અને કપિલ માટે ટ્રેમાં ચા લાવે છે. કપિલ ચાની ચુસ્કી લેતા જ પૂછે છે કે આ ચા છે કે ઝેર. સાનિયાએ કહ્યું કે મેં ચા બનાવી છે. તમારા મોંમાં ઝેર આવી ગયું હશે. શોના પ્રોમોમાં સાનિયાએ કપિલને એટલો બોલ્ડ જવાબ આપ્યો કે કોમેડિયનને કહેવું પડ્યું.



# કંગના રનૌતે સીએમ યોગીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી



## ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર યોગી આદિત્યનાથ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો



કંગના રનૌત લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પોતાની જીતની ઉજવણી કરી રહી છે. કંગના હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપીની ઉમેદવાર હતી. તેમણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્ય સિંહને જંગી અંતરથી હરાવીને મંડી બેઠક જીતી હતી. કંગના રનૌત પહેલીવાર ચૂંટણી મેદાનમાં ઉતરી હતી. આવી સ્થિતિમાં તેની જીત ચાહકો માટે પ્રેરણારૂપ બની છે. તેના ઘરે અને તેના ચાહકોમાં સેલિબ્રેશન ચાલી રહ્યું છે. દરમિયાન, અભિનેત્રીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. કંગનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સીએમ યોગી આદિત્યનાથ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. બંનેના ચહેરા પર સ્મિત છે. આ ફોટો સાથેના કેપ્શનમાં કંગના રનૌતે લખ્યું, ‘આપણા દેશના સૌથી આદરણીય અને પ્રિય મુખ્યમંત્રીને જન્મદિવસની શુભેચ્છા.’ લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો ૪ જૂને જાહેર થયા હતા. હિમાચલ પ્રદેશના મંડીમાં કંગના રનૌતને ૫૩૭૦૨૨ મત મળ્યા છે. તેમણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્ય સિંહને ૭૪૭૫૫ મતોથી હરાવ્યા હતા. કંગનાનો પરિવાર અને ચાહકો તેની જીતથી ખૂબ જ ખુશ છે. અભિનેત્રીની મોટી બહેન અને મેનેજર રંગોલીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો અને તેની માતા આશા રનૌતનો ડાન્સ કરતો વીડિયો શેર કર્યો હતો. કંગનાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સીએમ યોગી આદિત્યનાથ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. આ ફોટોમાં યોગી કંગનાને મેમેન્ટો આપતા જોવા મળી રહ્યા છે, રંગોલી અને તેની માતા મંજીરે વગાડીને અને તાળીઓ પાડીને અન્ય લોકો સાથે ઉજવણી કરતી જોવા મળી હતી. કંગના રનૌતને પણ બોલિવૂડ એક્ટર અનુપમ ખેરની જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. અભિનેતા અનુપમ ખેરે ઠ પર કંગનાનો મોન્ટેજ વીડિયો શેર કર્યો અને લખ્યું, ‘ડિયર કંગના, તમારી મોટી જીત પર અભિનંદન. તમે રોકસ્ટાર છો. તમારી યાત્રા ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. હું તમારા માટે, મંડી અને હિમાચલ પ્રદેશના લોકો માટે ખૂબ જ ખુશ છું. તમે દરેક વખતે સાબિત કર્યું છે કે જો તમે એકાગ્ર રહો અને સખત મહેનત કરો તો કંઈપણ શક્ય છે. વિજયી બનો.’ કંગના રનૌતે ચૂંટણી પરિણામો પહેલા આજતક સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તે રાજકારણમાં જોડાયા બાદ બોલિવૂડ છોડી દેશે. જોકે ચાહકો હજુ પણ તેની નવી ફિલ્મોની રાહ જોઈ રહ્યા છે. અભિનેત્રીની ફિલ્મ ‘ઈમરજન્સી’ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે, જેમાં તે ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના રોલમાં જોવા મળશે. આ સિવાય કંગના પાસે ‘મણિકર્ણિકા ૨’ પણ છે. કંગના રનૌતે લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીતીને રાજકારણમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. કંગના રનૌત લોકસભા ચૂંટણી ૨૦૨૪માં હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપી ઉમેદવાર હતી. હવે તેઓ મંડી લોકસભા સીટ પરથી ચૂંટણી જીત્યા છે. કંગનાએ કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહ અને વર્તમાન સાંસદના પુત્ર વિક્રમાદિત્ય સિંહને હરાવીને જીત મેળવી છે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજલીમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે જેમાં ધોરણ -૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નવોદય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને તાલીમ વર્ગના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના અધ્યક્ષ સ્થાને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં જનમાનસ પર્યાવરણ પ્રશ્ને જાગૃતતા વધે- લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુથી તારીખ ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન ઉજવાય છે. આપણા પર્યાવરણમાં થતા હવા, જળ, જમીન અને અવાજનું પ્રદૂષણ રોકવું અને આવા પ્રદૂષણ દ્વારા પર્યાવરણને નુકશાન થતું અટકાવવું જોઈએ. પર્યાવરણની સમસ્યા માટે વધુ વૃક્ષો વાવો એ ઝુંબેશ અતિ અનિવાર્ય છે. વૃક્ષો વાવો પાણી બચાવો, જંગલોનું રક્ષણ, પ્રદૂષણ અટકાવો, એ વિશે સમજ તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

# અમદાવાદ ડિવિઝન દ્વારા "આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ"નું આયોજન

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં ૦૬ જૂન ૨૦૨૪ના રોજ "આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં રેલવે લેવલ ક્રોસિંગને સુરક્ષિત રાતે પાર માટે લેવાની સાવચેતી વિશે રોડ ઉપયોગકર્તાઓ અને આસપાસ રહેતા નાગરિકો અને ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. અને મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૧૩૧, રેલવે એક્ટ ૧૯૮૯ની કલમ ૧૬૦ અને ૧૬૧માં દર્શાવેલ જોગવાઈઓ સમજાવવામાં આવી હતી.



વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે જણાવ્યું હતું કે લેવલ ક્રોસિંગ પર થતા અકસ્માતોને રોકવા માટે દર વર્ષે જૂન મહિનામાં "આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ" નું આયોજન કરવામાં આવે છે. રોડ ઉપયોગકર્તાઓ અને તે વિસ્તારના નાગરિકો અને ગ્રામજનોને પણ નીચેના મુદ્દાઓ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

**રેલવે લેવલ ક્રોસિંગ બંધ થતી વખતે તથા બંધ થયા પછી થોભો**

**ગેટ બૂમ સાથે છેડછાડ કરશો નહીં**

**ગેટ ખુલ્યા પછી જ તેને પાર કરો**

**ગેટ ક્રોસ કરતી વખતે મોબાઈલ ફોન/ ઈયર ફોનનો ઉપયોગ કરશો નહીં**

ઉતાવળ કરીને તમારા જીવનને જોખમમાં નાખશો નહીં.

સહાયક મંડળ સંરક્ષા અધિકારી શ્રી હેમંત માથુરના જણાવ્યા અનુસાર, આ અભિયાન દરમિયાન ડિવિઝનના જુદા જુદા લેવલ ક્રોસિંગ પર બેનરો પ્રદર્શિત કરીને તથા પેમ્પ્લેટના માધ્યમથી સંરક્ષા વિભાગ, સુરક્ષા વિભાગ, એન્જિનિયરિંગ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન તથા નાગરિક સુરક્ષા દળ દ્વારા રોડ ઉપયોગકર્તાઓને જાગૃત કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ નગરના ભગવા ગ્રુપ દ્વારા પર્યાવરણ દિવસે વૃક્ષોનુ ફ્રી વિતરણ કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

આજના યુગમા માનવી જાણે અજાણ્યે ધીરે ધીરે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વૃક્ષોનુ નિકંદન કરી રહયો છે જેની અસર પૃથ્વી પર રહેતા તમામ જીવોને થવા લાગી છે. આજના યુગના માનવીને ભેળસેળ વાળો ખોરાક વધુમાં વધુ મળી રહેલ છે જેથી તેનું આયુષ્ય ઓછું થવા લાગ્યું છે.

ઝાલોદ ભગવા ગ્રુપ વર્ષો થી પર્યાવરણ દિવસના દિવસે વૃક્ષોનું ફ્રી માં વિતરણ કરી લોકોમાં પર્યાવરણ વિશે જાગરૂકતા આવે અને સુદ્ધ, હવા, પાણી અને ખોરાક મળી રહે તે માટે સતત સેવાકીય કાર્યો કરી રહેલ છે. આજના દિવસે ભગવા ગ્રુપ દ્વારા ફ્રી મા છોડનું વિતરણ કરવામાં આવતા તેનો લાભ નગરના લોકોએ લીધો હતો તેમજ ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ નીમિતે ઝાલોદ ભગવા ગૃપ દ્વારા વૃક્ષારોપણ માટે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

વિવિધ પ્રકારના વૃક્ષો જેમકે જામફળ, દાડમ, લીંબુ, સેતુર, મહેંદી, બિલ્લીપત્ર, નીલગીરી, આસોપાલવ, ગરમાળો, ગુલમહોર, પાણી પણજી પાનફુટીયા, કાસીબ, કરણ જેવા વૃક્ષ નુ ફ્રી વિતરણ રાખેલ હતુ જેનો લાભ ઝાલોદ નગરના વિવિધના યુવાનો દ્વારા લઈ અને નગરના વિવિધ વિસ્તારમા વૃક્ષારોપણ કરવા આવેલ હતુ.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ, લીમડી દ્વારા બસ સ્ટેશન લીમડીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વધતો જતો તાપમાનનો પારો ભવિષ્ય માટે જોખમી પુરવાર થશે ત્યારે તેનાથી બચવા આપણી પાસે એકમાત્ર ઉપાય છે વૃક્ષારોપણ ,પર્યાવરણ જાળવણી આપણી સૌની નૈતિક ફરજ છે. આગામી ચોમાસામાં પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ લીમડી દ્વારા વધુ વૃક્ષો લગાવવામાં આવશે. બસ સ્ટેશનમાં આવતા હજારો પ્રવાસીઓને કોમળ છાયડો મળી રહે તે માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ અગાઉ લીમડી પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા લગાવેલ વૃક્ષો કોમળ છાયડો આપે તેવા વટ વૃક્ષ બની ગયા છે.

# અમદાવાદ શહેરમાં ૩૬૦૦ કી.મીના રસ્તા પૈકી માત્ર ૯૫૦ કી.મી. ની સ્ટ્રોમ વોટર લાઈનો જ છે ત્યારે પ્રી-મોન્સુન એકશન પ્લાન અંગેની મીટીગ નાટક સમાન

## ગટરો તથા મેનહોલમાંથી શીલ્ટ કાઢવા ૫૩૪ જેટલી મંડળીઓ અને ૬ જેટલી મોટી કંપનીઓને કરોડો રૂા.નો ખર્ચ કરી ડી-સીલ્ટીંગના કામો આપવા છતાં પરિસ્થિતિ ઠેર ની ઠેર

। અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં ચોમાસાની સિઝનમાં વરઅમદાવાદ શહેરમાં ચોમાસાની સિઝનમાં વરસાદમાં ઠેર ઠેર અમદાવાદના નગરજનો કુદરતી આપત્તીનો ભોગ ના બને પાણી ના ભરાય જેને લઈને ચાલુ વર્ષના ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ તથા અન્ય બાબતો અંગે આજ રોજ પ્રી-મોન્સુન એકશન પ્લાન બાબતે મીટીંગ મળનાર છે પરંતુ મ્યુ.કોર્પોનું તંત્ર સત્તાધીશો હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરને લક્ષમાં લીધા વિના માત્ર મીટીંગ કરવાથી તે પ્રી-મોન્સુન એકશન પ્લાનની મીટીગ માત્ર કાગળ ઉપર રહી જાય તેની નવાઈ નહી.

ખરેખર અમદાવાદ શહેરમાં ૩૬૦૦ કી.મીના રસ્તા પૈકી માત્ર ૯૫૦ કી.મી. ની સ્ટ્રોમ વોટર લાઈનો નાખેલ છે બાકીના રસ્તાઓ ઉપર સ્ટમ વોટર લાઈનો નાખેલ જ નથી સાથે સાથે હયાત એસ.ટી.પી. પ્લાન્ટની ક્ષમતા પણ ઓછી છે સત્તાધારી ભાજપને સત્તામાં આવ્યાને ૧૯ વર્ષ થયા પછી પણ ભાજપના સત્તાધીશો અમદાવાદ શહેરમાં સ્ટ્રોમ વોટર લાઈનો પુરતી નાખી શકેલ નથી જે કડવી વાસ્તવિકતા છે. તદુપરાંત મ્યુ. કોર્પો ગટરો તથા મેનહોલમાંથી શીલ્ટ કાઢવા ૫૩૪ જેટલી મંડળીઓ અને ૬ જેટલી મોટી કંપનીઓને કરોડો રૂા.નો ખર્ચ કરી ડી-સીલ્ટીંગના કામો આપવામાં આવે છે પરંતુ ચોમાસા દરમ્યાન પ્રજાને પડતી મુશ્કેલીઓ તેમજ તેમની ફરિયાદો બાબતે દર વર્ષે પરિસ્થિતિમાં કોઈ સુધારો થતો જ નથી જેને લઈને અમદાવાદ શહેરમાં થોડા સમયમાં ચોમાસાની સિઝન શરૂ થનાર હોઈ પ્રી-મોન્સુન એકશન પ્લાન નિષ્ફળ જાય તેવી સંપૂર્ણ શક્યતાઓ રહેલી છે જેથી નગરજનોને કોઈ હાલાકીનો ભોગ ના બનવું પડે તે માટે મ્યુનિ. વહીવટી તંત્ર દ્વારા આગોતરા કામો કરી પ્રજાને તફલીક કે મુશ્કેલી ના પડે તે માટે તાકીદે નક્કર કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે. જો પાણી ભરાવવાની સમસ્યા સર્જાશે તો કોંગ્રેસ પક્ષ ઉગ્રતાથી વિરોધ પ્રદર્શન કરશે

# કોણ બની શકે છે પીએમ મોદીની કેબિનેટમાં મંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો બાદ એનડીએ ને બહુમતી મળ્યા પછી દેશમાં ફરી એકવાર મોદી સરકારની ખાતરી થઈ ગઈ છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ ની સરકાર બનવા જઈ રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૯ જૂન ના રોજ પીએમ મોદી ત્રીજી વખત વડાપ્રધાનના શપથ લેશે. ભાજપ ના નેતાઓથી લઈને ગઠબંધન પક્ષોના નેતાઓ પણ મોદી કેબિનેટનો હિસ્સો હોવાનો દાવો કરી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘણા નેતાઓએ મહત્વપૂર્ણ મંત્રાલયોની માગ કરી છે, જ્યારે ભાજપે મોટા મંત્રાલયો પોતાની પાસે રાખવાની ઓફર કરી છે. વડાપ્રધાન પદના શપથ લેતાની સાથે જ નરેન્દ્ર મોદી સતત ત્રણ વખત પીએમ બનવાના પંડિત નેહરુના રેકોર્ડની બરાબરી કરશે. હાલ એનડીએના સાથી પક્ષો અને ભાજપના વરિષ્ઠ નેતાઓ વચ્ચે નવી સરકારમાં મંત્રાલયોની ફાળવણી અંગે ચર્ચા ચાલી રહી છે. જેડીયુ અને ટીડીપીએ કેટલાક મંત્ર-ાલયોની માગ કરી હોવાનો સુત્રો દાવો કરી રહ્યા છે. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાના ઘરે ભાજપના વરિષ્ઠ નેતાઓની બેઠક મળી હતી. જેમાં ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ હાજર હતા. નવી સરકાર અને કેબિનેટ અંગે ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે. સાથી પક્ષો સાથે વાતચીત માટે રચાયેલી ભાજપના વરિષ્ઠ નેતાઓની સમિતિમાં અમિત શાહ અને રાજનાથ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથી પક્ષો સાથે વાતચીતનો એજન્ડા શું હોવો જોઈએ, તેમને કેબિનેટમાં કયા પ્રમાણમાં સ્થાન આપવું જોઈએ અને અપક્ષ સાંસદોને કેવી રીતે સ્થાન આપવું તે અંગે મહત્વની ચર્ચાઓ થઈ રહી છે. નડ્ડાના નિવાસસ્થાને ચાલી રહેલી આ બેઠકમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ના પદાધિકારીઓ દત્તાત્રેય હોસબાલે, સુરેશ સોની, અરૂણ કુમાર પણ હાજર હતા. જેડીયુ પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ૧૨ બેઠકો સાથે એનડીએનો ભાગ છે. આવી સ્થિતિમાં તેમણે ચાર મંત્રાલયોની માંગણી કરી છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, નીતિશ કુમારે રેલવે, ગ્રામીણ વિકાસ, જલ શક્તિ અને પરિવહન મંત્રાલયોની માંગણી કરી છે.

# કૂચબિહારમાં બીજેપીના એક નેતાની મારપીટ કરવામાં આવી અને નાદિયામાં ટીએમસી નેતાના ઘરે દેશી બોમ્બ ફેંકવામાં આવ્યા

। (પ્રતિનિધી) કૂચબિહાર, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે અને સતત ત્રીજી વખત પીએમ મોદી સરકાર બનાવવા જઈ રહ્યાં છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ પર ટીએમસીનો વિજય થયો છે. ટીએમસીએ ભાજપને ૨૯-૧૨થી હરાવ્યું. હવે ચૂંટણી પૂરી થયા બાદ બંગાળમાં હિંસા શરૂ થઈ ગઈ છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે બુધવારે અનેક ભાગોમાં અનેક ઘટનાઓ નોંધાઈ હતી. કૂચ બિહારમાં ટીએમસી સાથે જોડાયેલા એક બીજેપી કાર્યકર પર બંદૂક વડે હુમલો કર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. બીજી તરફ નાદિયામાં ટી-એમસીના યુવા નેતાના ઘર પર દેશી બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જ્યારે ૨૪ પરગણામાં કેટલાક લોકોએ ભાજપના કાર્યકર્તાઓના ઘર અને ઓફિસમાં તોડ-ફોડ કરી હતી. આ હિંસા અંગે પોલીસે જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક દિવસ બાદ બુધવારે રાજ્યભરમાંથી મતદાન પછીની હિંસાના અનેક બનાવો નોંધાયા હતા. કૂચબિહાર જિલ્લાના નતાબડી વિસ્તારમાં ટીએમસી સમર્થક દ્વારા ભાજપના કાર્યકર પર કથિત રીતે બંદૂકથી હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે કથિત ઘટનાના વીડિયોમાં સ્થાનિક રહેવાસીઓ ટીએમસી કાર્યકરનો પીછો કરતા જોઈ શકાય છે જે પોતાની બંદૂક લઈને ભાગી રહ્યો હતો. ત્યારે બીજી તરફ નાદિયાના શાંતિપુરમાં ટીએમસીના એક યુવા નેતાના ઘરે કથિત રીતે દેશી બનાવટનો બોમ્બ ફેંકવામાં આવ્યો. જ્યારે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના ભાટપારામાં કેટલાક લોકોએ કથિત રીતે ભાજપના કાર્યકરોના ઘરોમાં તોડફોડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, જિલ્લામાં અન્ય એક ઘટનામાં મધ્યગ્રામ વિસ્તારમાં એક ડઝનથી વધુ ઘરો અને ભાજપ કાર્યાલયમાં કેટલાક લોકોએ તોડફોડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર સ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રીય દળો ઘટના સ્થળે પહોંચી ગયા છે. સૈનિકો ત્યાંથી પરત ફરતાની સાથે જ આરોપીઓ પાછા આવ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં તોડફોડ કરી હતી. આ હિંસા બાબતે ભાજપે ટીએમસીને દોષી ઠેરવ્યું છે. ત્યારે શાસક પક્ષે એવો પણ દાવો કર્યો છે કે ભાજપની અંદર હરીફ જૂથો વચ્ચેના વિવાદને કારણે અથડામણ થઈ છે. પોલીસે જણાવ્યું હતું દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં હાવડા અને નરેન્દ્રપુરમાં સમાન ઘટનાઓ નોંધવામાં આવી હતી. જ્યાં ભાજપના કાર્યકરોના ઘરોમાં કથિત રીતે તોડફોડ કરવામાં આવી હતી. દુર્ગાપુરમાં માકપા નેતાની પુત્રીની દુકાનમાં કથિત રીતે તોડફોડ કરવામાં આવી હતી. તેઓનાં પક્ષના કાર્યકરો પરના હુમલાઓ પર પ્રતિક્રિયા આપતા ભાજપે ટીએમસી પર રાજ્યમાં "આતંકનું શાસન" ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપના પ્રવક્તા સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, "ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ટીએમસીએ આતંકનું શાસન ચલાવ્યું છે.

# સંજેલી તાલુકાના બે ગરીબ બાળકોને શિક્ષણ એજ કલ્યાણ સંકુલમાં અભ્યાસ અર્થે મૂકવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ખેડા જિલ્લાના વસો તાલુકામાં આવેલ શિક્ષણ એજ કલ્યાણ સંકુલ લવાલ ખાતે મહિપતસિંહ બાપુના શૈક્ષણિક સંકુલ ખાતે સંજેલી તાલુકાના ભમેલા ગામના જેમના પિતા હયાત નથી તેવા બે બાળકોનો સંપર્ક કરી લવાલ શિક્ષણ એજ કલ્યાણ શિક્ષણ સંકુલ ખાતે મહિપતસિંહ બાપુને મળીને પ્રવેશ અપાવ્યો હતો. બારીયા ધાર્મિક ને ધોરણ ૮ માં અને બારીયા પુષ્પાબેન ને ધોરણ-૧૧ માં પ્રવેશ અપાવવામાં આવેલ અને બાપુ જોડે ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યમાં ઘરથી સંકુલ સુધી બાળકોને વિનામૂલ્યે પહોંચાડવાની જવાબદારી સર્વ સમાજ સેના સંજેલી તાલુકાના પ્રમુખ શ્રી સુરેશભાઈ વી. બારીયા અને સંજેલીના ચમારિયાના વતની, સામાજિક ક્ષેત્રે જેમનું આગવું સ્થાન છે તેવા અને સર્વ સમાજ સેના સંજેલીના ઉપ પ્રમુખ તેમજ ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગના સંચાલક શ્રી દિલીપ કુમાર એચ. મકવાણા અને અમારા સર્વ સમાજના સાથીદાર મિત્ર બારીયા રાકેશભાઈ ચી.(હિરોલા પ્રા. શાળા) એ જહેમત ઊઠાવી ને આ ગરીબ બાળકોને આ સંકુલ માં મુકવામાં આવ્યા હતા. બાપુને સાથે રૂબરૂ મુલાકાત કરીને સર્વ સમાજ ટીમ સંજેલી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તેમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. મહિલા સહકર્મચારીઓનો સારો સહકાર મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. આજે તમે તમારા સ્વપ્રની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે તથા તમારા હૃદયની ગતિ તેજ થઈ જશે. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો તે તમારા સાથીઓ સાથે કામ લેવામાં તમારો ગુણવિશેષ સાબિત થશે.

**તુલા (ર,ત) :**

આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

દરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને આજે વધુ થકવી નાખશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**મકર (ખ,જ) :**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ। તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

### ન્યૂઝ બ્રિફ

## AAPએ ૧૫ જૂન સુધીમાં પાર્ટી ઓફિસ ખાલી કરવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

રાજધાની નવી દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટર માટે જમીન ફાળવવાના મામલે આમ આદમી પાર્ટીને હાલમાં કોઈ રાહત મળી નથી. દિલ્હી હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે AAPએ ૧૫ જૂન સુધીમાં તેની વર્તમાન પાર્ટી ઓફિસ ખાલી કરવી પડશે. રાજધાની નવી દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટર માટે જમીન ફાળવવાના મામલે આમ આદમી પાર્ટીને હાલમાં કોઈ રાહત મળી નથી. દિલ્હી હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે AAPએ ૧૫ જૂન સુધીમાં તેની વર્તમાન પાર્ટી ઓફિસ ખાલી કરવી પડશે.જો કે, હાઈકોર્ટે કેન્દ્ર સરકારને AAPની માંગ પર ૬ અઠવાડિયાની અંદર વિચારણા કરવાનો આદેશ આપતા કહ્યું કે, આમ આદમી પાર્ટી જ્યાં સુધી તેની ઓફિસના નિર્માણ માટે કાયમી જમીન ફાળવવામાં ન આવે ત્યાં સુધી સામાન્ય પૂલમાંથી હાઉસિંગ યુનિટનો ઉપયોગ કરવા માટે હકદાર છે. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે AAPની અરજીને ફગાવી દેવા માટે માત્ર ઘરની અનુપલબ્ધતાનો આધાર હોઈ શકે નહીં.

## નવીન પટનાયકે મુખ્યમંત્રી પદથી આપ્યું રાજીનામુ

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૬ ।

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે રાજ્યપાલ રઘુબર દાસને આજે પોતાનું રાજીનામું સોંપ્યું છે. બીજેડી ઓડિશા વિધાનસભાની ચૂંટણી હારી ગઈ છે. રાજ્યની કુલ ૧૪૭ બેઠકોમાંથી તેને માત્ર ૫૧ બેઠકો મળી છે. જ્યારે ભાજપ ઓડિશામાં ૧૪૭માંથી ૭૮ બેઠકો જીતીને રાજ્યમાં સત્તામાં આવી છે. તેણે છેલ્લા ૨૪ વર્ષથી શાસન કરતી બીજેડીને હટાવીને સત્તા કબજે કરી છે. મુખ્ય પ્રધાન અને બીજેડીના વડા નવીન પટનાયક હિંજિલી વિધાનસભા બેઠક પરથી જીત્યા, પરંતુ કાંતાબાંજીથી ચૂંટણી હારી ગયા. કમિશનના ડેટા અનુસાર, કોંગ્રેસને ૧૪ બેઠકો મળી હતી જ્યારે સીપીઆઈ(એમ)ને એક બેઠક મળી હતી. અપક્ષ ઉમેદવારોએ ત્રણ બેઠકો જીતી હતી. જો આંકડાઓ પર નજર કરીએ તો ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં બીજેડીને ૧૧૩ સીટો, ભાજપને ૨૩ સીટો અને કોંગ્રેસને ૯ સીટો મળી હતી. ૨૦૦૦માં ઓડિશામાં બીજેપી-બીજેડી ગઠબંધન સત્તામાં આવ્યું અને નવીન પટનાયક મુખ્યમંત્રી બન્યા. ૨૦૦૯માં, BJDએ બંને પક્ષો વચ્ચે બેઠક વહેંચણીની વાટાઘાટો નિષ્ફળ જતાં તેનો ૧૧ વર્ષ જૂનો સંબંધ તોડી નાખ્યો હતો.

### ક્લીન સ્વીપની હેટ્રિક ફટકારીને નવો રેકોર્ડ બનાવ્યો

# ભાજપે ૨૦૨૪માં ૨૦૧૪ અને ૨૦૧૯ પછી દિલ્હીની તમામ સાત બેઠકો જીતી

### ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ચૂંટણી પરિણામોમાં ભાજપ ભલે બહુમતીથી દૂર હોય, પરંતુ તેણે દિલ્હીની તમામ સાત બેઠકો જીતીને ક્લીન સ્વીપની હેટ્રિક હાંસલ કરી છે. અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ મતદારોએ દિલ્હીની તમામ સાત બેઠકો ભાજપને આપી હતી. ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે.દિલ્હી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ દાવો કર્યો હતો કે જે દિવસે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થયું તે દિવસે નક્કી થયું હતું કે અમે દિલ્હીની તમામ સાત સીટો જીતીશું. દિલ્હીની જનતાએ સ્વીકારી લીધું છે કે કેજરીવાલ ભ્રષ્ટ છે. દિલ્હીની જનતાએ વોટના ફટકાથી જેલભરો જવાબ આપ્યો છે. તેઓ સમજી ગયા કે જેઓ પંજાબમાં એકબીજાના ગળા કાપવા તૈયાર છે તેઓ દિલ્હીમાં એકબીજાને ભેટી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી, જ્યારે પંજાબમાં બંને પાર્ટીઓએ પોત-પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે દિલ્હીમાં ચોમાસું આવવાનું છે, પરંતુ અમે જાણીએ છીએ કે ગટરોની સફાઈ થઈ નથી અને આગામી સમયમાં ફરીથી તેમના (કેજરીવાલના) મંત્રીઓ નવા બહાના કરશે, પરંતુ આ વખતે અમે તેમને બહાના નહીં કરવા દઈએ આપો અને આ વિજય માત્ર એક વિરામ છે. અમે અમારું કામ ફરી શરૂ કરીશું અને આપ ને વિધાનસભામાંથી હાંકી કાઢીશું. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૫માં દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.બે મહિલાઓ દિલ્હીથી સંસદ પહોંચી છે. લાંબા સમય બાદ દિલ્હીની બે મહિલા સાંસદ સંસદમાં પહોંચી છે. તમને જણાવી દઈએ કે ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે પશ્ચિમ દિલ્હીથી મહાબલ મિશ્રાને હરાવ્યા છે, જ્યારે બાંસુરી સ્વરાજે આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય સોમનાથ ભારતીને હરાવ્યા છે. તે જ સમયે, દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા રામવીર સિંહ બિધુરી હવે ભાજપના ઉમેદવાર તરીકે દક્ષિણ દિલ્હી બેઠક પરથી ગઠબંધનના આપ ઉમેદવાર સહીરામ પહેલવાનને લગભગ ૧.૨૫ લાખ મતોથી હરાવીને સાંસદ બન્યા છે. એટલે કે આ ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજાઈ શકે છે.પશ્ચિમ દિલ્હીથી ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે જીત મેળવી છે. કમલજીત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર છે, એટલે કે તેમની સીટ પર પણ પેટાચૂંટણી થઈ શકે છે.

### કઈ સીટો પર થયું નુકસાન

# મહારાષ્ટ્રમાં મોદીની રેલીઓથી NDAના ઉમેદવારોને ન થયો ફાયદો

### ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપને મોટી સફળતા મળી હતી, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટો પડકાર અપેક્ષિત હતો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ એનડીએ અને ઈન્ડિયા બ્લોકમાં જોરદાર હલચલ જોવા મળી રહી છે. આ વખતે ભાજપ બહુમતીના આંકને સ્પર્શી શક્યું નથી. આ ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળી છે. યુપીમાં સૌથી વધુ સીટોનું નુકસાન ભગવા પાર્ટીને થયું છે.

આ સિવાય મહારાષ્ટ્રમાં પણ પાર્ટીને માત્ર ૯ સીટો મળી છે. તમને જણાવી દઈએ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રની ૧૮ બેઠકો પર એનડીએ ઉમેદવારો માટે જાહેર સભાઓ અને રોડ શો કર્યો હતો, જેમાંથી એનડીએના ઉમેદવારો ૧૫ બેઠકો પર હારી ગયા હતા. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા વિજય વેદાટ્ટીવારે કહ્યું કે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી જીત્યા કારણ કે મોદીએ તેમના માટે કોઈ જાહેર સભા કરી ન હતી. તમને જણાવી દઈએ કે ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને મહારાષ્ટ્રમાં મોટી સફળતા મળી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટો પડકાર અપેક્ષિત હતો. આથી પીએમ મોદીએ પોતે મહારાષ્ટ્રમાં ૧૯ સભાઓ અને રોડ શો કર્યો, પરંતુ આટલી સભાઓ પછી પણ મહારાષ્ટ્રમાં ભાજપ માત્ર ૯ સીટો જીતી શકી, જ્યારે એનડીએ માત્ર ૧૭ સીટો જીતી શકી. એટલું જ નહીં, મુંબઈના ઘાટકોપરમાં જ્યાં વડાપ્રધાન મોદીએ રોડ શો કર્યો હતો ત્યાંથી ભાજપના ઉમેદવારો પણ હારી ગયા.વડાપ્રધાન મોદીએ મુંબઈના શિવાજી પાર્કમાં ૬ મતવિસ્તારો માટે જાહેર સભા કરી હતી, પરંતુ મુંબઈમાં પણ તેમને અપેક્ષિત સફળતા મળી નથી. અહીં એનડીએને માત્ર બે જ બેઠકો મળી હતી. આમાં એક ભાજપે અને બીજી શિવસેના (શિંદે જૂથ) જીતી હતી. જે ઉમેદવારો માટે પીએમ મોદીનો જાદુ કામ કરી રહ્યો છે તેમાં મુરલીધર મોહોલ અને ઉદયનરાજે ભોસલેનો સમાવેશ થાય છે.

### મોદી ૩.૦ ના શપથ ગ્રહણની તૈયારી

# નરેન્દ્ર મોદીએ ભૂટાન શ્રીલંકા સહિત આ દેશોને મોકલ્યા આમંત્રણ

### વડાપ્રધાને કહ્યું કે, આ સતત ત્રીજી સરકાર માટે ઐતિહાસિક જનાદેશ છે જે ભારતમાં ૬૦ વર્ષ બાદ મળ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

નરેન્દ્ર મોદી પહેલીવાર ગઠબંધન સરકાર ચલાવશે. બુધવારે દિલ્હીમાં NDAમાં સામેલ પક્ષોના વડાઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાને કહ્યું કે, આ સતત ત્રીજી સરકાર માટે ઐતિહાસિક જનાદેશ છે જે ભારતમાં ૬૦ વર્ષ બાદ મળ્યો છે. આ દરમિયાન ચંદ્રાબાબુ નાયડુ અને નીતીશ કુમારે એ વાત પર ભાર મૂક્યો હતો કે કોઈ પણ સમય બગાડ્યા વિના શક્ય તેટલી વહેલી તકે સરકારની રચના થવી જોઈએ. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે NDAની આગામી બેઠક ૭ જૂને મળશે અને નરેન્દ્ર મોદીને NDA સંસદીય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવશે. આ પછી તેઓ રાષ્ટ્રપતિ પાસે જશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે નરેન્દ્ર મોદી ૮ જૂને વડાપ્રધાન તરીકે ત્રીજીવાર શપથ લઈ શકે છે. આ દરમિયાન નરેન્દ્ર મોદીએ ભૂટાનના રાજા, શ્રીલંકાના રાષ્ટ્રપતિ, નેપાળ, બાંગ્લાદેશ અને મોરેશિયસના વડાપ્રધાનને તેમના શપથગ્રહણ માટે આમંત્રણ આપ્યું છે. હકીકતમાં, લોકસભા ચૂંટણીના પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દુનિયાભરમાંથી સતત શુભકામનાઓ મળી રહી છે.

#### બાંગ્લાદેશના વડા પ્રધાન હસીનાએ પણ મોદીને ફોન કરીને ચૂંટણી જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા

**રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે (૫ જૂન) નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા એક પ્રેસ રિલીઝ જારી કરી હતી. તેમણે કહ્યું, "મને વિશ્વાસ છે કે ભારત અને રશિયા વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો આગળ વધશે. અમે દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વાતચીત અને સહયોગ દ્વારા ભારત સાથે કામ કરવાનું ચાલુ રાખીશું." રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પીએમ મોદીને X પર જવાબ આપ્યો અને તેમનો આભાર માન્યો. તેમણે વધુમાં કહ્યું કે અમે ભારત અને રશિયા વચ્ચેના વિશેષ વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમેરિકી રાષ્ટ્રપતિ બિડેન, રશિયન રાષ્ટ્રપતિ પુતિન અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન તરફથી વડાપ્રધાનને અભિનંદન સંદેશ મોકલવામાં આવ્યા છે. બાંગ્લાદેશના વડા પ્રધાન હસીનાએ પણ બુધવારે સાંજે મોદીને ફોન કરીને તેમની ચૂંટણી જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ વડાપ્રધાન હસીનાને તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. દેશ-વિદેશમાંથી નરેન્દ્ર મોદી અને ભાજપને શુભકામનાઓ આપતા લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે, કારણ કે NDA ત્રીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે.**

### MCDએ એક નિવેદનમાં જણાવ્યું છે

# MCD ૧ જુલાઈથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી માટે ચેક પેમેન્ટ નહીં સ્વીકારે

### દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ પ્રોપર્ટી ટેક્સની ચુકવણી અંગેના નિયમોમાં ફેરફાર કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

MCDએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આવતા મહિનાથી એટલે કે ૧ જુલાઈથી પ્રોપર્ટી ટેક્સ UPI, વોલેટ, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર અથવા કોઈપણ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ડિજિટલ રીતે ચૂકવવો પડશે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાઉન્સ થયેલા ચેકથી ઉદ્ભવતા કાનૂની મુદ્દાઓને કારણે આ માધ્યમથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી જુલાઈથી બંધ કરવામાં આવશે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ પ્રોપર્ટી ટેક્સની ચુકવણી અંગેના નિયમોમાં ફેરફાર કર્યો છે. તેથી, મ્યુનિસિપલ બોડી હવે ૧ જુલાઈથી ચેક દ્વારા મિલકત વેરાની ચુકવણી સ્વીકારશે નહીં. MCDએ કહ્યું કે ચેક બાઉન્સની સમસ્યા સતત સામે આવી રહી છે. તેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.MCDએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આવતા મહિનાથી એટલે કે ૧ જુલાઈથી પ્રોપર્ટી ટેક્સ UPI, વોલેટ, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર અથવા કોઈપણ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ડિજિટલ રીતે ચૂકવવો પડશે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાઉન્સ થયેલા ચેકથી ઉદ્ભવતા કાનૂની મુદ્દાઓને કારણે આ માધ્યમથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી જુલાઈથી બંધ કરવામાં આવશે. ઈલેક્ટ્રોનિક ચુકવણીઓ માત્ર સમયસર ચૂકવણી અને રસીદ જારી કરવાની ખાતરી કરશે નહીં, પરંતુ વ્યવસાય કરવામાં સરળતા પણ આપશે. તેમજ કરદાતાઓ પ્રોપર્ટી માટે સરળતાથી ચૂકવણી કરી શકશે અને આ કામમાં પણ ઝડપ આવશે. MCD એ ખાલી પડેલી જમીન અને ઈમારતોના માલિકો અને કબજેદારોને વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટેક્સ ચૂકવવા અને ૩૦ જૂન પહેલા એકસાથે ચૂકવણી પર ૧૦ ટકા રિબેટ મેળવવા અપીલ કરી છે.કર ચૂકવવા માટે, મિલકત માલિકો અથવા કબજેદારો www.mcdonline.nic.in પર લૉગ ઈન કરી શકે છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૧૪ ની જોગવાઈઓ મુજબ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતી તમામ ઈમારતો અને ખાલી જમીનો મિલકત વેરો ચૂકવવા માટે જવાબદાર છે.

### 'મોદી હારમાં લપેટાઈ ગયા...'

## પરિણામો બાદ રાહુલ ગાંધી, ભાજપ અને અયોધ્યા પર શું કહી રહ્યું છે વિશ્વ મીડિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે જેમાં અપેક્ષાઓથી વિપરીત ભાજપને બહુમતી મળી નથી. જો કે ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને બહુમતી મળી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પાર્ટીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે, જેના પર દુનિયાભરના મીડિયા પ્રતિક્રિયા આપી રહ્યા છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર થઈ ગયા છે અને તમામ ૫૪૩ બેઠકોના પરિણામો જાહેર થઈ ગયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પાર્ટી ભારતીય જનતા પાર્ટી આ વખતે માત્ર ૨૪૦ બેઠકો સુધી જ સીમિત રહી હતી અને એનડીએ ગઠબંધન, અપેક્ષાઓથી વિપરીત પ્રદર્શન કરીને, માત્ર ૨૯૨ બેઠકો જીતી હતી. તે જ સમયે, કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન, ઈન્ડિયા એલાયન્સે શાનદાર પ્રદર્શન કર્યું છે અને ૨૩૪ બેઠકો જીતી છે. વિદેશી અખબારોમાં ભાજપ અને ઈન્ડિયા બ્લોકના પ્રદર્શનની ખૂબ ચર્ચા થઈ રહી છે અને કહેવામાં આવી રહ્યું છે કે 'મોદીને હારના પડછાયામાં લપેટાઈને જીત મળી છે'.વિદેશી અખબારોમાં ફૈઝાબાદ બેઠકનો પણ જોરદાર ઉલ્લેખ છે જ્યાં અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને ઉદ્ઘાટન બાદ પણ ભાજપના ઉમેદવારને સમાજવાદી પાર્ટીના ઉમેદવાર પાસેથી હારનો સામનો કરવો પડ્યો હતો. તે જ સમયે, પાકિસ્તાનનું મીડિયા મોદી દ્વારા જીતેલી ઓછી બેઠકોની ઉગ્ર ચર્ચા કરી રહ્યું છે અને કહે છે કે 'ભારતીય લોકોએ મોદી સરકારની નફરતની રાજનીતિને નકારી કાઢી છે.' પાકિસ્તાનનું જિયો ટીવી સતત લોકસભા ચૂંટણીને લઈને રિપોર્ટિંગ કરી રહ્યું છે. એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભાજપની ૪૦૦થી વધુ બેઠકો મેળવવાની યોજનાને જનતાએ તોડફોડ કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'મોદીની નફરતની રાજનીતિને ફગાવી દેવામાં આવી છે, ૪૦૦ને પાર કરવાનો નારા માત્ર એક ઈચ્છા જ રહી ગયો છે અને ભાજપને પોતાના દમ પર બહુમતી પણ નથી મળી.

### જાણો મુખ્યમંત્રીની રેસમાં કયા નામ છે

# ધર્મેન્દ્ર પ્રધાન, બૈજયંત પાંડા, અપરાજિતા સારંગી... કોણ કરશે ઓડિશાની કમાન

### ભારતીય જનતા પાર્ટીએ નવીન પટનાયકની આગેવાની હેઠળની બીજેડી સરકારને કારમી હાર આપી છે

। (એજન્સી) ઓડિશા, તા.૬ ।

ભારતીય જનતા પાર્ટીએ ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં બીજુ જનતા દળને હરાવીને નવીન પટનાયકના ૨૪ વર્ષ જૂના કિલ્લાને તોડી પાડ્યો છે. નવીન પટનાયકે બુધવારે રાજ્યપાલ રઘુબર દાસને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. આ પછી રાજ્યના આગામી મુખ્યમંત્રીને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે. રાજ્યના આગામી મુખ્ય પ્રધાન કોણ હશે તે અંગેની અટકળો વચ્ચે, રાજ્ય ભાજપના અધ્યક્ષ મનમોહન સામલે બુધવારે જણાવ્યું હતું કે પક્ષનું સંસદીય બોર્ડ એક કે બે દિવસમાં તેના પર નિર્ણય લેશે. પત્રકારો સાથે વાત કરતા, રાજ્ય ભાજપના વડાએ એમ પણ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રહ્મપુરમાં એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યું હતું કે ભાજપના નવા મુખ્ય પ્રધાન ૧૦ જૂને શપથ લેશે. વડાપ્રધાન દ્વારા નિર્ધારિત માપદંડોના આધારે મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવશે. તેમણે કહ્યું, 'એક ઓડિયા વ્યક્તિ જે રાજ્યની સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખશે તે ઓડિશાના આગામી મુખ્યમંત્રી હશે.'વિધાનસભા ચૂંટણીમાં ૧૪૭ બેઠકોમાંથી ૭૪ બેઠકો જીતીને, ભારતીય જનતા પાર્ટીએ નવીન પટનાયકની આગેવાની







હેઠળની બીજેડી સરકારને કારમી હાર આપી, જે રાજ્યમાં ૨૪ વર્ષથી શાસન કરી રહી હતી. રાજ્યના આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને ઓડિશામાં ભારે ઉત્તેજના છે. જે નામોની ચર્ચા થઈ રહી છે તેમાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજયંત પાંડા, ભુવનેશ્વરના સાંસદ અપરાજિતા સારંગી અને બાલાસોરના સાંસદ પ્રતાપ સારંગીનો સમાવેશ થાય છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી અને સંબલપુરના સાંસદ ધર્મેન્દ્ર પ્રધાનના નામની ચર્ચા થવા પાછળનું કારણ એ છે કે તેમણે બીજેપીના ઓડિયા એકીકરણ અભિયાનનું નેતૃત્વ કર્યું હતું. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ૧૦ વર્ષ સુધી કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી અને શિક્ષણ મંત્રી રહેલા ધર્મેન્દ્ર પ્રધાન મુખ્યમંત્રી પદની રેસમાં અન્ય લોકો કરતા આગળ છે. પ્રધાને ૨૦૦૦માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ રાજકારણમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૦૪માં તેઓ દેવગઢ, ઓડિશાથી લોકસભા સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૨૦૦૯માં તેઓ પલ્લાહરા વિધાનસભા બેઠક પરથી હારી ગયા હતા. આ પછી તેઓ બિહાર અને પછી મધ્ય પ્રદેશમાંથી રાજ્યસભામાં ચૂંટાયા. તેમણે બિહારમાં ચૂંટણી પ્રભારી અને કર્ણાટક, ઉત્તરાખંડ, ઝારખંડ અને ઓડિશામાં પાર્ટી બાબતોના પ્રભારી તરીકે પણ કામ કર્યું છે. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજયંત પાંડા પણ આ પદ માટે મુખ્ય ઉમેદવાર છે. એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની પૃષ્ઠભૂમિ સાથે મિશિગન ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના સ્નાતક પાંડા, રાજકારણમાં પ્રવેશતા પહેલા સફળ કોર્પોરેટ કારકિર્દી ધરાવતા હતા. પાંડા, એક વખતના રાજ્યસભાના સાંસદ અને બીજેડીના બે વખતના લોકસભા સાંસદ, છ વર્ષ પહેલાં ભાજપમાં જોડાયા હતા અને ૨૦૧૯માં કેન્દ્રપારા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, જ્યાં તેઓ હારી ગયા હતા. આ પછી, ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં, તેમણે BJDના અંશુમન મોહંતીને ૬૬,૫૩૬ મતોથી હરાવ્યા. તેઓ એવા થોડા નેતાઓમાંના એક છે જેમને RSSના ટોચના નેતાઓનું નક્કર સમર્થન છે અને તેઓ આગળના દોડવીરોમાંના એક ગણાય છે.

### આ ઘટના નજીવી તકરારમાં બની હતી

## કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી હત્યા કરી

### ઝારખંડના લોહરદગામાં એક કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી, ગોળી વાગવાથી ASIનું મોત થયું હતું

। (એજન્સી) ઝારખંડ, તા.૬ ।

ઝારખંડના લોહરદગામાં એક કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી. ગોળી વાગવાથી ASIનું મોત થયું હતું. માહિતી બાદ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ આ કેસની તપાસ શરૂ કરી છે. ઝારખંડના લોહરદગામાં એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અહીં એક નજીવી બાબત પર થયેલા વિવાદમાં એક કોન્સ્ટેબલે ASIને ગોળી મારી દીધી, જેના કારણે તેનું મોત નીપજ્યું. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. માહિતી મળતા જ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી. હાલ પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.એજન્સી અનુસાર, પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના ઝારખંડના લોહરદગા જિલ્લામાં બની હતી. અહીં બુધવારે રાત્રે એક પોલીસ અધિકારીની તેના સાથીદાર સાથે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. જેના કારણે કોન્સ્ટેબલે ASIને ગોળી મારી દીધી હતી.અધિકારીઓએ જણાવ્યું કે ઝારખંડ પોલીસમાં તૈનાત કોન્સ્ટેબલ અનંત સિંહ મુંડા અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) ધર્મેન્દ્ર સિંહ વચ્ચે નજીવી બાબત પર વિવાદ થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે રાત્રે લગભગ ૯ વાગ્યે કોન્સ્ટેબલ અનંત સિંહે પોતાની ઈન્સાસ રાઈફલ કાઢી અનu ASI ધર્મેન્દ્રને ગોળી મારી દીધી.ગોળી વાગવાથી ધર્મેન્દ્ર સિંહનું મોત થયું હતું. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ અધિક્ષક હરિસ બિન ઝમાને જણાવ્યું હતું કે ઘટનાની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. મૃતક ASI અને આરોપી કોન્સ્ટેબલ અન્ય બે વ્યક્તિઓ સાથે ભાડાના મકાનમાં રહેતા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં સાત દિવસ ગાજવીજ સાથે થશે વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાત પર હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેના કારણે અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. આજે હવામાન વિભાગે ગુજરાતમાં સાત દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગેની આગાહી કરી છે. જેમા તેમણે ગુજરાતના ચોમાસા અંગે જણાવ્યુ છે કે, ૧૫ જૂન પહેલા પણ ગુજરાતમાં ચોમાસું બેસી શકે છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે સાત દિવસ માટે ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, આગામી સાત દિવસ ગાજવીજ સાથે વરસાદ થશે. આજથી આગામી સાત દિવસ રાજ્યમાં છૂટો છવાયો વરસાદ રહેશે.

### પોલીસ સ્ટેશનમાં કર્મચારી દ્વારા ખુલ્લેઆમ દાદાગીરી

। (એજન્સી) સુરત, તા.૬ ।

ગુજરાત પોલીસની આવી તે કેવી દાદાગીરી, કે પોતાના પ્રશ્નો માટે નાગરિકો પોલીસ સ્ટેશન જઈને કંઈ બોલી પણ ન શકે. સુરત પોલીસ સ્ટેશનમાં પોલીસની દાદાગીરીનો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ફરિયાદ કરવા ગયેલી મહિલા પર પોલીસ કોન્સ્ટેબલ ગુસ્સે થયો હતો. ત્યારે પોલીસની ગેરવર્તણૂંકનો વીડિયો સામે આવ્યો છે. દારૂના અડ્ડા પર જનતા રેડ બાદ અડાજણ પોલીસ ફરી વિવાદમાં આવી છે. અડાજણ સૌરભ પોલીસ ચોકીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ફરિયાદ કરવા ગયેલી મહિલાઓ સાથે જ પોલીસે ગેરવર્તન કર્યું હતું. સૌરભ પોલીસ ચોકીના પોલીસ કર્મચારીઓ દ્વારા જ મહિલાઓનું સન્માન ન જાળવવામાં ન આવ્યું. પોલીસ કર્મચારીથી મહિલાની મર્યાદા ન જળવાઈ. પોલીસ કર્મચારીએ મહિલાને કહ્યું કે, મારી પરમિશન વગર વીડિયો ઉતારે છે. હમણાં ગુનો દાખલ કરું છું.

# ભાજપના કોર્પોરેટરે દોઢ લાખ લઈ ગેમઝોનનું ડિમોલેશન અટકાવ્યું

## રાજકોટમાં થયેલા ભયાનક અગ્નિકાંડમાં અત્યારસુધી અધિકારીઓ સહિતના સામે ફરિયાદ દાખલ

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

રાજકોટ ગેમઝોન અગ્નિકાડમાં ભાજપના કોર્પોરેટરને લઈને એક મોટો ખુલાસો થયો છે. ભાજપના કોર્પોરેટરે ગેમઝોનના સંચાલક પાસેથી ૧.૫૦ લાખ લઈને ટીપી શાખાના અધિકારીઓ પર રાજકીય દબાણ લાવી ડિમોલિશન અટકાવ્યું. આરોપી યુવરાજસિંહ સોલંકીએ સીટ સમક્ષ કબૂલાત કરી છે. જો કે સીટના અધિકારીઓ આ મુદ્દે સત્તાવાર કંઈ પણ કહેવા તૈયાર નથી.ગેમ ઝોનમાં સીટના અધિકારીઓ દ્વારા કેમ ઝોનના સંચાલકોની સઘન પૂછપરછ કરવામાં આવી છે. અધિકારીઓની પૂછપરછમાં ચોકાવનારી હકીકત સામે આવી છે. ગેમ ઝોનનાં સંચાલક યુવરાજસિંહ સોલંકી સીટના અધિકારીઓને હકીકત જણાવી છે. ભાજપના એક કોર્પોરેટરનાં કહેવાથી ગેમ ઝોનનું ડિમોલેશન અટકી ગયું હતું. ભાજપના કોર્પોરેટરે દોઢ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પણ વાત સામે આવી છે. જોકે સીટના અધિકારીઓ આ મુદ્દે સત્તાવાર કંઈ પણ કહેવા તૈયાર નથી. કોર્પોરેટરને ગોડફાધરનાં આશીર્વાદ હોવાથી કોઈ કાર્યવાહી નહીં થાય. જો ગોડફાધરનાં આશીર્વાદ ન મળ્યા હોત તો કોર્પોરેટરની સીટના અધિકારીઓ પૂછપરછ કરી હોત. કોઈને પણ છોડવામાં નહીં આવે તેવી વાતો વચ્ચે અનેક જવાબદારો છૂટી જાય તેવો ઘાટ ઘડાઈ રહ્યો છે.

નોંધનીય છે કે ગઈકાલે જ ગેમઝોનના કન્સલ્ટન્ટે SIT સમક્ષ મોટો ધડાકો કર્યો હતો. ફાયર NOCની અરજી વખતે ફાયર સેફ્ટીના ક્યાં ક્યાં સાધનો વસાવવા પડે તેનું ચેક લિસ્ટ આપ્યું હતું. પરંતુ ગેમઝોનના માલીકોએ 'આ તો બહુ મોંઘુ પડે' કહી ફાયર સેફટીના સાધનો વસાવ્યા ન હોતા. સંચાલકોએ પૈસા વધુ ખર્ચવાનું ટાળી ફાયર સેફટીના સાધનો લેવાનું ટાળ્યું હતું અને આમ ભયંકર ગુનાહિત બેદરકારી SIT તપાસમાં ઓન પેપર સાબિત થઈ ચૂકી છે. તો આ તરફ ગેમઝોન અગ્નિકાંડમાં અધિકારીઓ બાદ હવે રાજકોટના કોર્પોરેટરોની પૂછપરછ થઈ શકે છે. મનસુખ સાગઠીયા સાથે સાંઠગાંઠને લઈ SIT કોર્પોરેટરોને સવાલ કરી શકે છે. રાજકોટના ૬ કોર્પોરેટર અને નેતાઓની થઈ શકે છે પૂછપરછ. ગમે ત્યારે નેતાઓનાં નામ SIT માં ખૂલવાની સંભાવના છે. રાજકોટના નાનામવા રોડ પરના TRP ગેમ ઝોનમાં ગુનાહિત બેદરકારીથી લાગેલી આગમાં મૃત્યુઆંક સત્તાવાર રીતે ૨૮ હોવાનું સરકારે જાહેર કર્યું છે. આગમાં મૃતદેહો એટલી હદે બળી ગયા હતા કે DNA ટેસ્ટથી ઓળખ કરવી પડી હતી. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે તપાસ માટે નિમેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે રાજ્ય સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કર્યો છે. ત્રણ દિવસની તપાસના અંતે તૈયાર કરાયેલો અહેવાલ મુખ્યમંત્રી અને ચીફ સેક્રેટરીને અપાયો છે. આ અહેવાલમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્રના અધિકારોની લાપરવાહીને કારણે જ આગ દુર્ઘટના બની હોવાનું પ્રાથમિક અનુમાન છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં અધિકારીઓ સહિત ૧૦ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ છે. જમીનના માલિકો, ગેમઝોનના સંચાલકો અને અધિકારીઓ સહિત ૧૦ વિરૂદ્ધ આઈપીસીની અલગ અલગ કલમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. છઝ્રમ્ની ટીમે સાગઠીયાની ઓફિસમાંથી તપાસ કરી અલગ અલગ દસ્તાવેજો જપ્ત કર્યા હતા. જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ એસીબીનું રાજકોટમાં મહા સર્ચ ઓપરેશન ચાલ્યું હતું. ટીપીઓ સાગઠીયા, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે.ઠેબા, ચીફ ફાયર ઓફિસર ઈલિયાસ ખેર, રોહિત વિગોરા, મુકેશ મકવાણા અને ગૌતમ જોશીની ઓફિસ અને રહેણાંક મકાન પર એસીબીનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

### મહેસાણાનો વેપારી શહેરમાં લૂંટાયો

# રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા શખ્સોએ વેપારીના ૭૫૦૦૦ ચોર્યા

## વેપારીએ બાપુનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

મોંઘવારીમાં સાચા રસ્તે કમાણી કરવી અઘરી બની રહી છે ,અને એનાથી ઊલટું ખોટા રસ્તે પૈસા કમાવવા સહેલા થઈ ગયા હોવાથી કેટલાક લોકોને કમાણી કરવા માટે ખોટો રસ્તો વધુ સહેલો હોવાથી તેની પસંદગી કરે છે અને ઓછા સમયમાં વધુ કમાઈ લેવાની લાલચ એમને ક્યારે અવળા માર્ગે લઈ જાય છે, એ તેમને પોતાને ખબર પડતી નથી. સમયજતાં તેઓ અવળા માર્ગે એટલા આગળ વધી ગયા હોય છે કે તમને પાછા ફરવું અઘરું થઈ જાય છે. અને તેઓ કમાણીનો એ રસ્તો જ પસંદ કરે છે. તાજેતરમાં આવોજ એક કિસ્સો શહેરમાં બન્યો હતો. મહેસાણાનો કાપડ વેપારી હમેશા સમાન ખરીદવા અમદાવાદ આવતો અને વેપાર કરવા તે અમદાવાદથી કાપડ લઈને મહેસાણા જતો. આદત મુજબ તે અને તેનો મિત્ર કાલુપુર માલસામાન લેવા માટે આવ્યા હતા. રિક્ષામાં બેસીને જતા હતા તે દરમિયાન રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા લૂંટારુઓએ વેપારીના મિત્રના ખિસ્સામાં રહેલા રૂપિયા ૭૫ હજાર કાઢી લીધા હતા. બાદમાં રિક્ષાચાલકે વેપારી અને તેના મિત્રને બેસવાનું નથી ફાવતું કહીને રિક્ષામાંથી ઉતારી મુક્યા હતા.

મૂળ મહેસાણાના ગોઝારિયામાં રહેતા વેપારી કાપડનો ધંધો કરે છે. ગત મે મહિનામાં વેપારી અને તેનો મિત્ર માલસામાન લેવા સારું થઈને પોતાની લોડિંગ રિક્ષા લઈને આવ્યા હતા. બાપુનગર ચાર રસ્તા પાસે તેમને પોતાની લોડિંગ રિક્ષા પાર્ક કરીને બાપુનગર ચાર રસ્તાથી કાલુપુર જવા માટે રિક્ષામાં બેઠા હતા.

### ચોમાસા પહેલા બોર્ડ ઉતારવામાં આવ્યા

# વડોદરા કોર્પોરેશન દ્વારા ૧૧ દિવસમાં ૩૧૬ બોર્ડ ઉતારાયા

## મુંબઈમાં બનેલી દુર્ઘટનાને ધ્યાનમાં લઈ કામગીરી કરાઈ કોર્પોરેશન દ્વારા એજન્સીઓ સાથે બેઠક યોજવામાં આવી

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

મુંબઈમાં ગયા મહિને ભારે પવન અને વંટોળથી મોટા હોર્ડિંગ બોર્ડ તૂટી પડતા કેટલાય લોકોના જીવ ગયા હતા. આ ઘટના પરથી બોધપાઠ લઈ વડોદરા કોર્પોરેશનએ ચોમાસાની આગામી સિઝનને ધ્યાનમાં રાખીને ઉંચા અને જોખમી બોર્ડ નીચે ઉતારી લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા ૧૧ દિવસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૩૧૬ બોર્ડ નીચે ઉતારી લેવામાં આવ્યા છે. જે હોર્ડિંગ બોર્ડ ઊંચા છે તેને નીચે ઉતારી લઈ, તેની ઊંચાઈ ઓછી કરવામાં આવી રહી છે.

આ સંદર્ભે કોર્પોરેશન દ્વારા એજન્સીઓ સાથે બેઠક પણ કરવામાં આવી હતી. હાઈટ ઓછી કરવા ઉપરાંત બોર્ડના લોખંડના સ્ટ્રક્ચર્સના પણ રિપોર્ટ માગ્યા છે. જો હાઈટ વધુ હશે તો તેને સેફ્ટી લેવલ સુધી લઈ જવા અને ઊંચાઈ ઘટાડવા સુધીનું પણ કહ્યું છે. તારીખ ૨૪ મેથી બોર્ડ ઉતારવાની કામગીરી શરૂ થઈ છે.

શહેરના ચકલી સર્કલ, કાલાઘોડા, સુસેન ચાર રસ્તા, હરણી, કડક બજાર, સયાજીગંજ, ઓલ્ડ પાદરા રોડ, આરસી દત્ત રોડ, માંજલપુર, જેતલપુર, નટુભાઈ સર્કલ, દાંડિયા બજાર ચાર રસ્તા, સુભાનપુરા, વડીવાડી, ગેંડા સર્કલ, સેવાસી, ભાયલી રોડ, ગોત્રી ચાર રસ્તા, મહેસાણા નગર, ખોડીયાર નગર, વડસર બ્રિજ, અક્ષર ચોક વગેરે વિસ્તારમાં બોર્ડ નીચે ઉતારી લેવાની કામગીરી ચાલી રહી છે. પ્રથમ દિવસે જ ૫૮ બોર્ડ હટાવી દેવાયા હતા

### SIT બને છે અને જાય છે, દુર્ઘટનાઓ રોકી શકાતી નથી : હાઈકોર્ટ

# રાજકોટ અગ્નિકાંડ મામલે હાઈકોર્ટમાં સુનવણી થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત થયા હતા એ મામલે આજે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે. સુનાવણી દરમિયાન ચાર મહાનગરપાલિકાઓના કમિશનરોએ એફિડેવિટ ફાઈલ કર્યા હતા. ત્યારે હાઈકોર્ટે રાજકોટ અગ્નિકાંડ મુદ્દે ફરી RMCની ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢતા કહ્યુ હતું, કે 'SIT બને છે અને જાય છે પણ દુર્ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી.

હાઈકોર્ટે RMCને વેધક સવાલો કરતા કહ્યું કે, ગેમઝોન ગેરકાયદે હોવાની જાણ હોવા છતા મનપાએ કોઈ કાર્યવાહી કેમ ન કરી? શું RMCના અધિકારીઓ આગ લાગવાની રાહ જોઈ રહ્યા હતા? હાઈકોર્ટે વધુમાં ઉમેર્યુ કે, પ્રથમ વખત આગ લાગ્યા બાદ પણ કેમ કડક કાર્યવાહી ન કરાઈ? હાઈકોર્ટે RMC કમિશનર પાસે એક વર્ષમાં કરેલી કામગીરીનો હિસાબ માગ્યો.

RMC કમિશનરની શું જવાબદારી છે તે અંગે પણ સવાલો કર્યા. હાઈકોર્ટે કહ્યું કે, અન્ય અધિકારીની જેમ કમિશનરને કેમ સસ્પેન્ડ ન કરાય? શું સરકાર દ્વારા મોટા અધિકારીઓ સામે પગલાં લેવાશે? શું સરકાર આવી બીજી અગ્નિકાંડની રાહ જોઈ રહી છે ત્યારબાદ અધિકારીઓ સામે પગલા લેવાશે.'

નોંધનીય છે કે રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડને આજે દસ દિવસ પૂરા થયા છે.ત્યારે વકીલ એસોસિએશને કહ્યું કે ઘટના બને ત્યારે કાર્યવાહી કરવી, એ રૂટિન પ્રક્રિયા બની ગઈ છે. ૧૦ દિવસમાં SITને રિપોર્ટ આપવા કહ્યું હતું, હવે સમય માંગે છે. ત્યાં સુધીમાં પુરાવા નાશ થઈ જાય. વકીલ એસોસીએશને માંગ કરી કે અધિકારીને સસ્પેન્ડ કરવા જ જોઈએ. વકીલ એસોસીએશને કહ્યું કે BU, NOC વગર સ્ટ્રક્ચર બાંધકામને મંજૂરી આપવાના હતા એ કેવું?

પરંતુ, આ અગ્નિકાંડમાં અનેક પૂરાવા મેળવવાના હજુ બાકી હોય SIT દ્વારા સરકાર પાસે વધુ બે મહિના જેટલો સમય માગ્યો હતો. ત્યારે સરકારે ૨૮ જૂન સુધીમાં રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યા છે.

અગાઉ SITની તપાસમાં પોલીસની મંજુરીની પ્રક્રિયાની ફાઈલનો આશરે અર્ધો હિસ્સો ગાયબ થઈ ગયો છે અને તે આજ સુધી મળેલ નથી, ઉપરાંત અન્ય દસ્તાવેજી પૂરાવાઓની પણ SIT દ્વારા શોધખોળ કરાઈ રહ્યાનુ જાણવા મળે છે. ગુજરાત હાઈકોર્ટના વકીલ એસો.ના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદીએ રજૂઆત કરતા કહ્યું - આ દુર્ઘટના નહીં ક્રાઈમ છે. હત્યારાઓને માફ ન કરી શકાય. સરકાર મૃત્યુ સામે લાખોનું વળતર આપી દુઃખ બતાવે છે. પગલાં લેવામાં સરકાર નિષ્ફળ છે. હાઈકોર્ટમાં ૧૩ જૂને ફરી સુનાવણી હાથ ધરાશે. સમગ્ર દલીલો બાદ હાઈકોર્ટે તમામ રિપોર્ટ સોંપવા ૨૮ જૂન સુધીનો સમય આપ્યો છે.

### દક્ષિણ ગુજરાતના ખેડૂતોના માથે મુસીબત

# મહામૂલી જમીનમાંથી પસાર થનારા વીજલાઈનનો વિરોધ

। (એજન્સી) સુરત, તા.૬ ।

પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા કચ્છના ખાવડાથી નવસારીના વાંસી બોરસી સુધી નાંખવામાં આવી રહેલી ૭૬૫ કેવીની નવી વીજ લાઈનનો ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે. તેથી આજરોજ કાર રેલી સ્વરૂપે ખેડૂતો કલેક્ટર કચેરી પહોંચી રજૂઆત કરી છે. કોઈ પણ ભોગે ખેડૂતો પોતાની જમીન આપવા માંગતા નથી. ખેડૂતો જમીન સંપાદનના કાયદા બદલવા માંગ કરી રહ્યાં છે. 'જાન દેંગે જમીન નહિં' નારા લગાવી રહેલા ખેડૂત સુરત જીલ્લાના માંગરોળ, માંડવી, કામરેજ, બારડોલી અને પલસાણા તાલુકાના ખેડૂતો છે. તેઓ ભેગા મળી પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા નાખવામાં આવતી કચ્છના ખાવડાથી નવસારીના વાંસી બોરસી સુધી નાંખવામાં આવતી નવી વીજ લાઈન છે. આ વીજ લાઈન ખેડૂતોની ફળદ્રુપ જમીનમાંથી લઈ જવામાં આવી રહી છે. અગાઉ પણ આ જ વિસ્તારમાંથી કેન્દ્ર સરકાર દ્વારા એક્સપ્રેસ હાઈવે પસાર કરવામાં આવ્યો છે અને ખેડૂતોની મહામુલી જમીન સંપાદિત થઈ ગઈ છે. ત્યારે ફરી એકવાર વીજ લાઈન પસાર થતા હવે ખેડૂતોને વધુ જમીન ગુમાવવાનો વારો આવનાર છે. એક્સપ્રેસ હાઈવેમાં જમીન સંપાદન સમયે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો અને ખેડૂતોને સરકાર દ્વારા મોઢે માગેલી રકમ જમીન માટે આપવામાં આવી હતી. જોકે વીજ લાઈનના પોલ ઉભા કરવા માટે જમીન સંપાદનની પ્રક્રિયા એકદમ અલગ છે. સરકાર હજુ પણ ૧૮૮૫ ના ટેલિગ્રાફિક એક્ટને અનુસરી રહી છે. જે ટેલિફોનના થાંભલા નાંખવા માટે બનાવવામાં આવ્યો હતો. જેમાં ટેલિફોનના એક માત્ર પોલ ઉભા કરવામાં આવતા હતા અને જેનાથી ખેતીને કોઈ નુકસાન થતું ન હતું. પરંતુ ૭૬૫ કેવી વીજ લાઈન અલગ છે. ૮૫/૮૫ ની માતબર જગ્યામાં વીજ પોલ ઊભો થશે અને ત્યારબાદ ખેતરમાંથી વીજ લાઈન પસાર થશે. જેનાથી જમીન અને પર્યાવરણને પણ ભારે નુકસાન થવાનું છે. ખેડૂતોની માંગ છે કે જેમ શહેરી વિસ્તારમાં અન્ડર ગ્રાઉન્ડ કેબલ લાઈન નાંખે છે તે રીતે જમીનની અંદર કેબલ લાઈન નાંખે અથવા તો ગુજરાતના કોસ્ટલ એરિયામાંથી આ લાઈન પસાર કરવામાં આવે. પાવર ગ્રીડ કોર્પોરેશન દ્વારા હાલ જે જગ્યા પરથી લાઈન પસાર થવાની છે તે વિસ્તારના ખેડૂતોને નોટિસ આપવામાં આવી રહી છે. કેટલીક જગ્યા પર કંપનીના કર્મચારીઓ દ્વારા જબરજસ્તી ખેતરમાં ઘૂસી જઈ ઊભા ખેતી પાકને નુકસાન કરવાના પણ કિસ્સા સામે આવ્યા છે ત્યારે ખેડૂતોની માંગ છે કે જ્યાંથી લાઈન પસાર થવાની છે તે તમામ ખેડૂતોને એક સાથે નોટિસ આપવામાં આવે. આજરોજ ખેડૂતો મોટી સંખ્યામાં કામરેજના વલથાન ખાતે ભેગા થયા હતા અને રેલી સ્વરૂપે કલેક્ટરને રજૂઆત કરવા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા.

### અહી ફેલ ગયું ગુજરાત મોડલ

# ડામરકા ગામના લોકોએ આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ વીજળી જોઈ નથી

## ગુજરાત સરકાર છેવાડાના વિકાસની વાતો કરતું હોય તો પછી ડામરકામાં વીજળી કેમ નથી પહોંચી

। (એજન્સી) પાટણ, તા, ૬ ।

ગુજરાત મોડલની ચર્ચા તો આખા દેશમાં થાય છે. ગુજરાતના તર્જ પર વિકાસની વાત કરવામાં આવે છે. પરંતુ પાટણના એક ગામમા ગુજરાત મોડલ ફેલ જોવા મળ્યું. અહીં વિકાસ તો દૂરની વાત, પણ ગામમાં વીજળી જ નથી. માનવામાં ન આવે કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ગુજરાતના આ ગામમાં વીજળી નથી. રાત પડ્યે લોકો દીવા તળે કામ કરે છે. પાટણના રાધનપુર તાલુકાના ૫૦ ની વસ્તી ધરાવતા નાનકડા એવા ડામરકા ગામમાં રાતે અંધારપટ છવાઈ જાય છે. આઝાદીના ૭૫ વર્ષો વીત્યા છતાં રાધનપુર નગર પાલિકાની હદમાં આવતા ડામરકા ગામમાં આજદિન સુધી લાઈટ આવી નથી. ગુજરાત સરકારની વિકાસનો દાવો ડામરકામાં આવીને પોકળ સાબિત થાય છે. ૫૦૦ લોકોની વસ્તી અને ૨૯૦ થી વધુનું મતદાન છતાં આ ગામને આજદિન સુધી વીજળી મળી નથી. આ ગામનું નસીબ એવુ વાંકુ છું કે, તે શહેરી વિસ્તારમા આવતું હોવા છતાં અહી લોકોએ લાઈટ જોઈ નથી. તેમાં પણ ઉનાળો આવે એટલે લોકોને બે મહિના કાઢવા આકરા પડે છે, પરંતુ તંત્ર તો કંઈ સમજવા જ માંગતુ નથી. આ ગામના લોકોએ અસંખ્યવાર પાલિકામાં રજૂઆત કરી છે, છતાં પાલિકા દ્વારા આંખ આડા કાન કરવામા આવે છે. આ બાબત ગૌરવ લેતા ગુજરાત માટે કાળી ટિલ્લી સમાન છે. જો ગુજરાત સરકાર છેવાડાના વિકાસની વાતો કરતુ હોય તો પછી ડામરકામાં વીજળી કેમ નથી પહોંચી. નાનકડા એવા આ ગામના લોકો કડિયાકામ કે છૂટક મજૂરીકામ કરીને ગુજરાન ચલાવે છે. મજૂરીકામથી થાકીને આવ્યા બાદ પણ આ ગામના લોકોને પંખાની હવા નસીબ નથી થતી. કહેવાય છે કે, આ મામલે રાધનપુર તાલુકામાં અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી.

### રાજકોટમાં સર્જાયેલા ગેમઝોન અગ્નિકાંડ બાદ નિર્ણય

# ગેમઝોન-રિક્રિએશન સેન્ટરો માટે નવા કાયદા બનાવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

રાજકોટમાં સર્જાયેલા ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજ્યના શહેરી વિકાસ વિભાગને કામે લગાડવામાં આવ્યા છે આવતા દિવસોમાં ગેમઝોન માટે અલગ પોલીસીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. હવે રાજ્યભરમાં જે કોઈ નવા ગેમઝોન કે રીક્રીએશન સેન્ટર બનાવવાતા હશે તો તેના માટે અલગ કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રાજ્યભરના ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને ટૂંક સમયમાં જ એક સ્પેશિયલ કેટેગરી હેઠળ મૂકવામાં આવશે. રાજ્ય સરકાર આ માટે નવો કાયદો ઘડી રહી છે. રાજકોટના અગ્નિકાંડ બાદ સફાળી જાગેલી રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ ગુજરાત કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ રેગ્યુલેશન (GDCR)માં સુધારો કરશે અને તમામ ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને સ્પેશિયલ કેટેગરીમાં મુકવામાં આવશે. તેઓ માટે એક અલગથી કાયદો અમલમાં આવશે, જે ખૂબ કડક અને આકરો હશે. તદઉપરાંત સરકાર ફાયર NOCને લગતા હાલના કાયદામાં પણ મોટા ફેરફાર કરશે તેવી માહિતી મળી રહી છે.

રાજકોટના અગ્નિકાંડબાદ રાજ્ય સરકાર GDCRમાં સુધારો લાવી. ટૂંક સમયમાં જ તે અંગેની જાહેરાત કરશે. રાજ્ય સરકારના એક સિનિયર ઓફિસર સાથેની વાતચીત અનુસાર ગેમઝોન અને રિક્રિએશન સેન્ટર માટે મંજૂરી લેવી ફરજિયાત બનાવાશે. ૨૦૧૪માં અમલમાં આવેલા GDCRમાં આવા તમામ સેન્ટરોને સ્પેશિયલ રિક્રિએશન ઝોન તરીકે આવરી લેવાશે. હાલમાં તમામ મોટા શહેરોમાં આવેલા મોલમાં બિલાડીના ટોપની જેમ આવા સેન્ટરો ફૂટી નીકળ્યા છે. હાલના કાયદા અનુસાર મોલમાં ચાલતા ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને અલગથી મંજૂરી કે ફાયર એનઓસી લેવાની રહેતી નથી.

હાલના કાયદા અનુસાર મોલમાં શરૂ થયેલા ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરો માટે અલગથી મંજૂરી લેવાની જરૂર રહેતી નથી. પરંતુ સરકાર દ્વારા સૂચિત નવા કાયદા અનુસાર તમામ પ્રકારના ફનઝોન, ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને અલગથી બીયુ પરમિશન અને ફાયર એનઓસી ફરજિયાત લેવાની રહેશે. રાજ્યભરમાં તમામ સેન્ટરો અને ગેમઝોનનો એક સર્વે હાથ ધરાશે અને તેઓની સામે બંધ કરી દેવા સુધીના પગલાં લેવાશે. ફાયર એનઓસી અંગે મંજૂરી આપવાની સત્તા સંબંધિત શહેરના ચીફ ફાયર ઓફિસરને આપવામાં આવશે. હાલ સ્ટેશન ફાયર ઓફિસર એનઓસી આપે છે. નવા કાયદા મુજબ સ્ટેશન ફાયર ઓફિસર પહેલાં તમામ પ્રકારનું ઈન્સપેક્શન અને ચેકિંગ કરશે અને પોતાનો રિપોર્ટ ચીફ ફાયર ઓફિસરને સોંપશે. આ રિપોર્ટના આધારે ચીફ ફાયર ઓફિસરને ચેકિંગ માટે ફરજિયાત પણે સ્થળની મુલાકાત લેશે અને ત્યારબાદ તેનો નિર્ણય લેવાનો રહેશે.

### અકસ્માત બાદ યુવતીએ પોતાનું જ એક્ટિવા પેટ્રોલ નાંખી સળગાવ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

ગુજરાતમાં ટુ વ્હિલરના સામાન્ય અકસ્માતો મોટા વિવાદો સુધી પહોંચી જાય છે. રાજકોટ શહેરમાં કાલાવલ રોડ પરનો એક વીડિયો હાલમા સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં બે યુવતીઓના વાહન સામ સામે અથડાતા અકસ્માત થયો હતો. ત્યાર બાદ વાહન નુકસાની અંગે ખર્ચ માંગતા એક મહિલાએ ગુસ્સામાં પોતાના જ એક્ટિવામાંથી પેટ્રોલ કાઢીને આગ ચાંપી હતી. લોકોમાં એવી ચર્ચા થઈ રહી છે કે, આગ ચાંપનાર યુવતી નશામાં હોય તેવું લાગતું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે યુવતી સામે કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવાસ યોજના ક્વાર્ટર નજીકનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.











માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨